दिगंबर जैन ग्रंथमाला नं. १२

ॐ

भट्टारक-मीमांसा.

प्रकटकर्ता,

मूलचंद किसनदास कापडीआ

ऑ. संपादक, "दिगंबर जैन"—सूरत.

અમદાવાદનિવાસી સ્વર્ગવાસી શેઠ હરજીવન-
ભાઈ જુડાશાના સ્મરણાર્થે તેમના પુત્ર
જેરાગભાઈ તરફથી "દિગંબર જૈન"
પત્રના ગ્રાહકોને પાંચમાં વર્ષમાં
(આઠમી) ભેટ.

प्रथमावृत्ति. प्रति १२००

मूल्य रु. ०-२-०

प्रस्तावना.

એક સમય એવો હતો કે જ્યારે તીર્થંકરોની અમુલ્ય વાણીનો ઉપદેશ **ભવ્ય** જીવોને મળતો હતો, એક સમય એવો હતો કે **જ્યારે** અનેક નિર્ગ્રંથ મુનિવરો સ્થળે સ્થળે વિચરીને ધર્મોપદેશ આપી રહ્યા હતા, એક સમય એવો હતો કે જ્યારે અનેક ભટ્ટારકો પોતાના બહોળા જ્ઞાનથી શ્રાવકોને સુમાર્ગ ઉપર ચલાવી અન્ય ધર્મીઓ સમક્ષ જૈન ધર્મની પ્રભાવના કરી રહ્યા હતા, પણ જેમ જેમ **સમય** બદલાતો ગયો, તેમ તેમ છેવટ **ભટ્ટારકોની સંખ્યા** એકદમ ન્યુન થતી ગઈ, તેમજ તેમની ક્રિયાઓ અને વર્તનમાં દીનપ્રતિદીન **ઘટારો** થતો ગયો, તે એટલે સુધી કે હાલના સમયમાં આખા હિંદુસ્તાનમાં ગણ્યા ગાંઠયાજ ભટ્ટારકો નજરે પડે છે અને તેમનીદ્વારા શ્રાવકોને ભાગ્યેજ ઉપદેશ મળે છે, જેથી હવે શ્રાવકો સ્વયં સ્વાધ્યાયદ્વારા પોતાનું રગસ્યું ગાડું ચલાવી રહ્યા છે. આવા સમયમાં અન્ય ધર્મીઓ તથા શ્વેતાંબરી ભાઈઓ, દિગંબરી જૈન ભાઈઓના ધર્મ ગુરૂ સંબંધી ચર્ચા કરે છે કે--શું દિગંબરોના મુનિઓ (હાલના ભટ્ટારકો!) આવા અને આટલા બધા પરિગ્રહવાળા હશે! આથી આપણા ધર્મગુરૂઓ સંબંધી શંકા ઉત્પન્ન થવાથી ભટ્ટારકોની પ્રાચીન અને અર્વાચીન સ્થીતિનું સ્વરૂપ પ્રકટ થવાની અને હવે **સમયને** **અનુસરીને** તેમાં ઘટતો ફેરફાર થવાની જરૂર હોવાથી **મુંબાઇથી** **પ્રકટ** થતાં હિંદી માસિક પત્ર " जैनहितैषी " માં **શ્રીયુત નાથુરામ**

પ્રેમીજીએ 'ભટ્ટારક' એ વિષયનો એક લાંબો **લેખ** ગત વર્ષમાં કકડે કકડે લખીને **ભટ્ટારકોની પ્રાચીન અર્વાચીન સ્થીતિનું ભાન** હિંદી વાંચકો સમક્ષ રજુ કર્યું હતું અને તેનું મરાઠી ભાષાંતર પણ મરાઠી અઠવાડીક પત્ર "प्रगति–जिनविजय" માં એજ મુજબ છપાઈ ગએલું હોવાથી આ લેખ ગુજરાતી ભાષાના વાંચકોની સમક્ષ રજુ કરવાને અમોને શ્રીમાન દાનવીર જૈનકુળ ભૂષણ **શેઠ માણેકચંદ હીરાચંદજી** જે. પી. (મુંબાઈ). શેઠ **હીરાચંદ નેમચંદ** દોશી (સોલાપુર) વગેરે તરફથી સૂચના થવાથી પ્રથમ અમોએ એ લેખ **'દિગંબર જૈન'** માં છુટો છુટો આપવા ધાર્યું હતું. પણ છુટો છુટો આપવાથી આગલો પાછલો સંબંધ યાદ ન રહેવાથી વાંચકોને લેખનું રહસ્ય બરાબર ન સમજાતું હોવાથી અમોએ એ લેખનું ગુજરાતી ભાષાંતર કરી "भट्टारक-मीमांसा" નામે આ પુસ્તક પ્રગટ કર્યું છે, જે ગુજરાતી વાંચકોમાં અમુલ્ય વાંચન પુરૂં પાડશેજ, એવી અમોને આશા છે.

હવે આ લેખમાં પાછલા ભાગ ઉપર '**હવે ભટ્ટારકોની જરૂર છે કે નહિ,' 'સ્વરૂપ પરિવર્તન', 'સ્વરૂપ પરિવર્તન કેવી રીતે કરવું', "સ્વરૂપ પરિવર્તનથી લાભ"** આ ચાર વિષયો વાંચકોએ ધ્યાનથી વાંચીને એ સંબંધી બહુ ગંભીરપણે વિચાર કરવાની આવશ્યક્તા છે કેમકે હાલના ભટ્ટારકોની આવી પહોંચેલી સ્થિતિ જોતાં હવે પછી ભવિષ્યમાં આથી પણ સંખ્યા અને ક્રિયામાં ન્યૂનતા

થઈ જવાનો સંભવ માલમ પડે છે. હવે તો એવા સ્વરૂપ પરિવર્તનની જરૂર છે કે જેથી ભટ્ટારકો ઉપર શ્રાવકોને આસ્થા થાય અને દિન પ્રતિદીન વધુ ભટ્ટારકો ઉમદા થઈ જૈન ધર્મના ઉધ્ધાર કરી શકે. આથી ' સ્વરૂપ પરિવર્તન કેવી રીતે કરવું ? ' એ વિષયમાં દર્શાવેલા વાકય—" એ **પદની દિક્ષા એવાનેજ અપાય કે જે વિદ્વાન હોય, જેને સંસારથી વિરક્તતા થઇ ગઇ હોય અને જે ભુક્તભોગી હોય. અવિવાહીત અને અનુભવહીન બાળક તથા યુવાનને આ જોખમના પદને માટે પસંદ કરવા જોઇએ નહિ.** " આ વાકય ઉપર વાંચકોએ બહુજ ધ્યાન પહોંચાડવાનું છે.

ઈડરની ભટ્ટારકની ગાદી જે **ભટ્ટારક કનકકીર્તિજી** પછી પંદરેક વર્ષથી ખાલી છે, તે ગાદી ઉપર **નવીન ભટ્ટારક** બેસાડવા માટે હાલ પુષ્કળ પ્રયત્ન ચાલી રહેલો છે અને **બ્રહ્મચારી મોતીલાલજી**ને એ પદ ઉપર સ્થાપિત કરવાની ગોઠવણો થાય છે. આ ખાલી ગાદી ઉપર **ભટ્ટારક સ્થાપિત કરવાની આવશ્યક્તા તો છેજ**, પણ હવે ભટ્ટારકની સ્થાપના કરતી વખતે ઉપરના વાકય મુજબ બેસનારની યોગ્યતાનો પુરેપુરો વિચાર કરીને અને હાલના સમયને અનુસરીને સ્વરૂપ અને આડંબરમાં ન્યૂનતા કરીનેજ કાર્ય કરવાનું છે, માટે જો બ્રહ્મચારી મોતીલાલજી ઉપલી યોગ્યતાને ધરાવતા હોય, તો તો ઘણીજ ખુશીની સાથે એમને

ભટ્ટારકપદ ફરી સ્થાપિત કરવા જોઇએ. પણ એ સંબંધી જો યોગ્ય તપાસ ન થઈ હોય, તો **બ્રહ્મચારી મોતીલાલજી કેટલા વિદ્વાન છે? એમનું પૂર્વ ચરિત્ર શું છે? એમનામાં ઉદાસીનતા કેટલી** છે? **એમને ધર્મશાસ્ત્રનું જ્ઞાન કેટલું** છે? આ વગેરે યોગ્યતા સંબંધી પૂર્ણ તજવીજ કરીનેજ કાર્ય કરવાની જરૂર છે. ઇડરની આ ગાદીની આમ્નાયના સર્વ દિ. જૈન બંધુઓને અને તેમાં વિશેષે કરીને આ વિષે ઉત્સાહથી ખટપટ કરનાર **ઇડર, રાયદેશ** વગેરેના ભાઇઓને એકદમ ઉતાવળ ન કરતાં પૂર્ણ તજવીજ કરીનેજ અને સર્વેની સંમતિ મેળવીનેજ આ મહત્વનું અને જોખમનું કાર્ય કરવાને અમો આગ્રહપૂર્વક સૂચવીએ છીએ, કેમકે પૂર્ણ યોગ્યતાવાળા ગ્રહસ્થને પસંદ કરીને સમયને અનુસરતી નવીન પરીપાટીની શરૂઆત કરવામાં આવે. તો ભવિષ્યમાં એથી ઘણો લાભ થવા સંભવ છે. તથાસ્તુ.

જૈન જાતિ સેવક,

વીર સંવત ૨૪૩૮ વિક્ર. સં. ૧૯૬૮ પ્ર. અષાડ સુદ ૩	**મુલચંદ કસનદાસ કાપડીયા** ઓ. સંપાદક, "દિગંબર જૈન"--સુરત.

|| श्री वीतरागाय नमः ||

भट्टारक-मीमांसा.

भट्टारक शब्दनी व्याख्या.

ભટ્ટારક શબ્દ બહુજ મોટી પ્રતિષ્ઠાવાળો છે. રાજા, મહારાજા, વિદ્વાન, મુનિ, પુજ્ય અને દેવના અર્થમાં **ભટ્ટારક શબ્દનો પ્રયોગ** કરાય છે. આપણા **જૈન** ગ્રંથોમાં આ શબ્દ તિર્થંકરના **અર્થમાં** પણ કોઈ કોઈ જગ્યાએ વપરાયો છે. મુનિ અને આચાર્યોને માટે તો એનો પ્રયોગ ખાસ કરીને થાય છે. **આચાર્ય શ્રી ઇન્દ્રનંદીકૃત** નીતિસારમાં ભટ્ટારકનું લક્ષણ નીચે મુજબ લખેલું છેઃ—

सर्वशास्त्रकलाभिज्ञो नानागच्छाभिवर्द्धकः ।

महामनाः प्रभाभावी भट्टारक इतीष्यते ॥ १८ ॥

અર્થ—જે સર્વ શાસ્ત્રો અને કળાઓના જાણવાવાળા હોય, અનેક ગચ્છોને ચલાવવાવાળા અથવા વધારવાવાળા હોય, ઉદાર હૃદયના હોય અને પ્રભાવશાળી અને પ્રભાવનાના કર્તા હોય તેને **ભટ્ટારક** કહે છે.

કોઇ કોઇ શબ્દ એવા હોય છે કે જે કોઇ ખાસ અર્થમાં રૂઢી થઇ જાય છે. ભટ્ટારક શબ્દનો પણ એ રીતે ઉપરના અર્થમાં ઉપયોગ ન થતાં એક ખાસ અર્થમાં એ શબ્દ રૂઢ થઇ ગયો છે.

હવે ભટ્ટારક શબ્દ બોલતાં રાજા, મુનિ વગેરેનો બોધ ન થતાં જે વીસપંથી જૈનોના ગુરૂ કહેવાય છે, અને વસ્ત્રાદિ પરિગ્રહ ધારણ કરે છે તેનો બોધ થાય છે. પછી તે સર્વ શાસ્ત્રજ્ઞ, વિદ્વાન, ઉદાર હૃદય વગેરે ગુણોયુક્ત હોય કે નહિ, તોપણ તેઓ **ભટ્ટારક** કહેવાય છે.

भट्टारकोंनी उत्पत्ति.

જો કે કોઇ પ્રમાણિક ગ્રંથથી આ વાતનો પત્તો લાગતો નથી કે ભટ્ટારકોની ઉત્પત્તિ ક્યારે અને કેમ થઇ છે? તોપણ એવી એક દંતકથા છે અને કોઇ ગ્રંથમાં પણ એવો ઉલ્લેખ છે કે બાદશાહ **ફિરોજશાહ**ના સમયમાં (વિ. સંવત ૧૪૦૭ થી ૧૪૪૪ સુધીમાં) ભટ્ટારક સ્થાપિત થયા છે. એનું કારણ એમ કહેવાય છે કે બાદશાહ તરફથી એકવાર એવી આજ્ઞા થઇ હતી કે દિગંબર જૈનીઓએ પોતાનો ગુરૂ લાવવો અને પોતાના મતની શ્રેષ્ટતા સાબીત કરવી જોઇએ, નહિતો તેમના હકમાં નુકશાન થશે. આ પ્રમાણે દિગંબરી જૈનો કેટલાક દિવસની મહેતલ લઇ મુનિની તપાસમાં નીકળ્યા અને દક્ષિણ પ્રાંતમાંથી એક પ્રભાવશાળી દિગંબર મુનિને ધર્મરક્ષાની પ્રાર્થના કરી લઇ આવ્યા. તે મુનિ મોટા વિદ્વાન અને મંત્રવાદી પણ હતા. તેથી એમણે પોતાની વિદ્વતા અને કરામતથી બાદશાહના હૃદયમાં દિગંબર સંપ્રદાયનું મહત્વ સ્થાપિત કરી દીધું. કહે છે કે એ વખતે **બાદશાહની બેગમોએ** આ પ્રભાવશાળી મુનિનાં દર્શનની ઇચ્છા

પ્રગટ કરી, અને એ ઇચ્છા પૂર્ણ કરવાને માટે બાદશાહે તથા બીજા લોકોએ મુનિરાજને કેટલાક દિવસ માટે શરીરના કટિભાગને વસ્ત્રથી આચ્છાદિત કરવાની પ્રાર્થના કરી. બાદશાહના રૂવાબથી કે પછી સમયના પ્રભાવથી મુનિશ્રીએ વસ્ત્ર ધારણ કરી લીધું અને પછી બેગમોએ તેમનાં **દર્શન** કરી પોતાને કૃતાર્થ માન્યાં. પછી મુનિ તો ત્યાંથી વિદાય થયા, અને વસ્ત્ર ત્યાગ કરી તથા છેદોપસ્થાપના કરી તપસ્યા કરવા લાગ્યા, પરંતુ લોકો એ દાખલાને લઇ મુનિઓમાં વસ્ત્ર ધારણ કરવાની વિધિ પ્રચલિત કરવાને કોશિશ કરવા લાગ્યા અને તે સમયે તેમને તેમ કરવામાં અનુકુળતા આપી, **ધર્મપટ્ટ** સ્થાપિત થવા લાગ્યા, અને તેમાં **મુનિઓ** વસ્ત્ર પરિધાન કરીને **ઉપદેશ** આપવા લાગ્યા. આજ લોકો **ભટ્ટારક**ના નામથી પ્રસિદ્ધ થયા. **પહેલી ગાદી દિલ્હી**માં સ્થપાઇ અને પછી જયપુર (ગ્વાલિયર), ઇડર (મહીકાંઠા), સોજીત્રા (સુરત), નાગોર, મલખેડ (હૈદ્રાબાદ), કોલ્હાપુર, કારંજા, મુડબિદ્રી વગેરે અનેક સ્થાનોમાં જુદા જુદા સંઘો અને ગચ્છોના પટ્ટ સ્થાપિત થઇ ગયા, જેમાંના ઘણા ખરા હજુ પણ મોજુદ છે.

ભટ્ટારકોની ઉત્પત્તિના સંબંધમાં ઉપર જે કથાનો સારાંશ આપ્યો છે તેમાંનો આટલો ભાગ તો અમે ઐતિહાસિક દૃષ્ટિથી બરાબર માનીએ છીએ કે, ભટ્ટારકોનું જે વર્તમાન રૂપ છે, તેની ફિરોજશાહના સમયમાં પ્રતિષ્ઠા થઇ અને તે જૈનીઓના અધિકાર પ્રાપ્ત ગુરૂ કહેવાવા લાગ્યા, પરંતુ એ નહિ કહી શકાય કે એના પહેલાં વસ્ત્રધારી ગુરૂ નહિ હતા, અને નિર્ગ્રન્થ માર્ગ અક્ષુણ્ણ ભાવથી ચાલી રહ્યો હતો.

નિર્ગ્રંથ વૃત્તિનું અને સમયનું યુદ્ધ.

નિર્ગ્રંથ વૃત્તિ સંબંધી આજથી નહિ, પણ ૧૭૦૦ વરસ પહેલાંના સમયથી પ્રચંડ યુદ્ધ મચી રહ્યું છે. નિર્ગ્રંથ વૃત્તિ કહે છે કે—" હું મોક્ષનો સાક્ષાત્ માર્ગ બતાવવાવાળી છું. તું ગમે તેમ મારી વિરૂદ્ધ થા, તોપણ હું મારો સ્વભાવ છોડવાવાળી નથી, મને ધારણ કરનારો એક પણ મનુષ્ય પૃથ્વિ ઉપર નહિ મળે, તોપણ હું તારા પક્ષમાં કદી નહિ આવું, " એટલે કે સંસારને ખુશ કરવાને માટે હું મારી વીતરાગ પરણતિને બદલીશ નહિ. સમય (વખત) કહે છે કે:—

"તમારા દિવસ હવે રહ્યા નથી. જ્યારે હું બદલાયો છું, તો મારી સાથે તમારે પણ બદલાવું પડશે એટલે કે તમારા સ્વરૂપમાં તમારે અવશ્ય ફેરફાર કરવો પડશે. જો તમે શાક્ષાત પરિવર્તન (ફેરફાર) નો સ્વીકાર નહિ કરશો, તો બીજા રૂપમાં તમારે ફરજીઆત પરિવર્તન અવશ્ય કરવું પડશે." આ **મહાયુદ્ધમાં સમયની જીત?** થાય છે અને **વીતરાગ વૃત્તિનો પરાજય!** થાય છે. આખી દુનિયા સમયના પક્ષમાં છે અને વીતરાગ વૃત્તિના પક્ષમાં માત્ર ગણ્યા ગાંઠ્યા માણસો રહી ગયા છે, તો પણ ધન્ય છે વીતરાગ વૃત્તિના સાહસને કે વીતરાગ વૃત્તિ હજુ સુધી પોતાની બાબતને વળગી રહી છે, અને न्यायात्पथः प्रविचलंति पदं न धीराः। એ વાક્ય પ્રમાણે ધીરજ રાખી રહી છે.

શક સંવત ૧૩૬માં જ્યારે શ્વેતાંબર સંઘની પૃથક્ સ્થાપના થઇ, ત્યારેજ સમયે કહ્યું હતું કે—" હવે શુદ્ધ દિગંબર વૃત્તિ વા-

સ્તવિક રૂપમાં નહિ રહી શકશે, જેથી સાધુઓને માટે કાંઇ પરિગ્રહ રાખવાનો અવકાશ આપવો જોઇએ અને યત્યાચારના કઠોર નિયમોને કોમળ બનાવવા જોઇએ," પરંતુ સાચા મોક્ષાભીલાષીઓએ સમયની તે માગણી હાસ્યની સાથે નાકબુલ કરી, જેથી શ્વેતાંબર સંઘ જુદો થઇ ગયો, અને સમય પોતાના ગન્તવ્ય માર્ગ ઉપર ચાલવા લાગ્યો. જે લોકો સમયના અનુયાયી હતા, તેમણે શ્વેતાંબર સંઘની માંગણી કરી અને તેનો પ્રસાર જ્યાં ત્યાં થવા લાગ્યો. દિગંબર સંઘ ક્ષીણ થવા લાગ્યો, અને તે સર્વ પ્રત્યક્ષરૂપે નહિ, પણ પરોક્ષરીતે **મુનિમંડળમાં પણ શિથીલતા**નો પ્રવેશ થવા માંડ્યો. **ભગવાન કુન્દકુન્દાદિ** પૂર્વાચાર્યોએ મુનિયોના જે ઉત્તમ માર્ગનું નિરૂપણ કર્યું હતું, તેને બરાબર પાળવાવાળા બહુજ ઓછા દેખાવા લાગ્યા. એ વખતે પણ લોકોએ સમયને અનુકુળ ચારિત્રમાં ઢીલાપણાની ઇચ્છા કરી, પરંતુ તે પણ વ્યર્થ ગઇ અને તેવી માગણી કરનારા જુદા કરવામાં આવ્યા. શક સંવત ૫૩૬માં **દ્રાવિડ સંઘની**, ૭૦૫માં **યાપનીય સંઘની**, ૭૫૩માં **કાષ્ઠાસંઘની** અને ૯૫૩માં **માથુરસંઘની** જુદી સ્થાપના એજ કારણથી થઇ. આ સંઘની સ્થાપના થવાના બહારથી બીજાં કારણો ગમે તે બતાવવામાં આવે, પણ વાસ્તવિક કારણ દેશ કાળનો પ્રભાવજ છે. સમયની અચિન્ત્ય ગતિ છે.

શ્વેતામ્બર સંઘ જુદો થઈ ગયો અને તેમાં મુનિઓનું ચારિત્ર શિથિલ અને સુખ સાધન કરવાવાળું કરવામાં આવ્યું, તોપણ આગળ જતાં તે શીથિલતા સમયને લીધે ફેલાતી જણાઇ નહિ. સમયને એથી સંતોષ થયો નહિ. એક વખતે જે સહેલું ગણાતું, તે બીજી વખતે મુસ્કેલ દેખાવા લાગ્યું અને તેથી એમાં

પણ અનેક સંઘની (ગચ્છોની) સ્થાપના થઇ ગઇ. શ્વેતામ્બર સંઘનો મુનિ માર્ગ પહેલાં કરતાં પણ શિથિળ થયો અને દિવસે દિવસે તે પણ વધતી ગઇ. શ્વેતામ્બર, દ્રાવિડ વગેરેની પેઠે **ભટ્ટારકોને** પણ **અમે સમયની** પરીપાટીનું ફળ સમજીએ છીએ. બલ્કે દિગમ્બર સમ્પ્રદાયના ભટ્ટારકો પ્રગમનશીળ (ગએલા) સમયની એક ઘણી મોટી વિજયતા સૂચીત કરે છે. શકની પહેલી શતાબ્દીએ જે મુનિઓને માટે વસ્ત્ર ધારણ કરવાનો પ્રસ્તાવ ઉપસ્થિત કર્યો હતો, તેજ આખરે સ્વીકૃત થઇ વિક્રમના ૧૪ મા સૈકામાં કાર્યમાં પરિણામ પામ્યો અને વીતરાગ વૃત્તિએ મોટા દુઃખથી એ પ્રસ્તાવમાં પોતાની એકદેશ સમ્મતિ આપી.

भट्टारकोंनी पहेलाना मुनिओ.

હવે પ્રકૃત વિષય ઉપર આવીએ. ૧૪ મા સૈકામાં જે ભટ્ટારકોની ગાદી સ્થાપિત થઇ તે એકદમ દિગમ્બરવૃત્તિથી બદલાઇને સ્થાપિત થઇ નહોતી. અર્થાત્ જે વખતે દિલ્હીમાં ભટ્ટારકોની **પ્રથમ ગાદી** સ્થાપન થઇ, ત્યારે એવું નહિ હતું કે દિગંબર મુનિઓ સર્વ પરિગ્રહરહિત હતા. જો આપણે ઉપર આપેલી હકીકતથી એવું સમજીએ તો, કહેવું જોઇએ કે આપણે સમયના પ્રગમનનું સૂક્ષ્મ દષ્ટીથી નિરીક્ષણ કરવાનું જાણતા નથી. સંસારમાં જે કાંઇ ઉન્નતિ અવનતિ થાય છે, તે ધીમે ધીમેજ થાય છે, એકદમ થતી નથી. જો ભટ્ટારકોની ગાદી ૧૪ મા સૈકામાં સ્થપાઇ, તો સમજવું જોઇએ કે, તે પહેલાં કેટલાક સો વરસથી સર્વથા ભટ્ટારકો જેવા નહી, તોપણ એને મળતા આચારવાળા મુનિઓ અવશ્ય અસ્તિત્વમાં હશે. એમ તો હાલના સમયમાં પણ દક્ષિણ કર્ણાટકની તરફ એક બે **દિગંબર મુનિઓનું અસ્તિત્વ** જાણવામાં આવે છે, તો એ ઉપરથી અનુમાન થાય કે બસો ચાર-

સો વરસ પહેલાં હજારો મુનિઓ વિચરણ કરતા હોવા જોઇએ, પણ જ્યારે આપણા પ્રાચીન ગ્રંથોને વિચારપૂર્વક જોઇએ છીએ, ત્યારે માલુમ પડે છે કે દિગંબર મુનિઓમાં વિરલતા આજથી લગભગ આઠસો વરસ પહેલાંથી અર્થાત્ ભટ્ટારકોની સ્થાપનાથી પણ ચારસો વર્ષ પહેલાંથી હતી અને તે સમયે પણ જે મુનિ હતા, તે યથાર્થ ચારિત્ર્યનું પાલન કરવાવાળા નહોતા. **આત્માનુશાસનમાં ભગવદ્ગુણભદ્રાચાર્યે** (જે કે વિક્રમની ૯ મી શતાબ્દિમાં થયા હતા.) નીચે મુજબ ત્રણ શ્લોક કહ્યા છેઃ—

भर्त्तारः कुलपर्वता इव भुवो मोहं विहाय स्वयं
रत्नानां निधयः पयोधय इव व्यावत्तवित्तस्पृहाः ।
स्पृष्टा कैरपि नो नभो विभुतया विश्वस्य विश्रान्तये
सन्त्यद्यापि चिरन्तनान्तिकचराः सन्तः कियन्तोऽप्यमी ॥

અર્થ—ઘણા વખત ઉપર થઇ ગયેલા મોટા મોટા મુનિઓના માર્ગપર ચાલનારા કેટલાએક સન્ત પુરૂષો (મુનીઓ) હજુપણ મોજુદ છે. એનો હજુપણ અભાવ થઇ ગયો નથી, કે જે કુલાચાલ પર્વતોની સમાન પૃથ્વીને ધારણ કરવાવાળા છે, અર્થાત્ જેમ **કુલાચલ પર્વત** પૃથ્વીને ધારણ કરે છે, પણ પૃથ્વી સાથે મોહ રાખતા નથી, તેજ રીતે તેઓ પૃથ્વીના જીવોને ધારણ કરે છે. અને ઉપદેશ વગેરે આપીને પોષણ કરે છે, પરંતુ તેની સાથે મોહ રાખતો નથી. વળી ધનની ઇચ્છા રહિત સમુદ્રની સમાન વળી રત્નોની ખાણ છે એટલે જેમ સમુદ્ર મોતી વગેરે રત્નોનો ખજાનો છે, પણ તેને તે રત્નોની અભિલાષા નથી, તેમ તેઓ **સમ્યગ્દર્શનાદિ** રત્નોની ખાણ છે,

પરંતુ ધન વગેરેની અભિલાષાથી રહિત છે. આકાશની સમાન એનો કોઇથી સ્પર્શ થતો નથી, તોપણ એ વિભૂતાને લીધે જગતની વિશ્રાંતિને માટે છે. અર્થાત્ જેમ આકાશ કોઇ પદાર્થથી લિપ્ત નથી. અને મોટાપણાથી આખા જગતને રહેવાનું સ્થાન છે. તેમજ એ કોઇપણ પરભાવથી લિપ્ત નથી અને મોટાપણાથી આખા જગતનાં દુ:ખો શાન્ત કરવાનું સ્થાન છે.

कलौ दण्डो नीतिः स च नृपतिभिस्ते; नृपतयो
नयन्त्यर्थार्थे तं न च धनमदोस्त्याश्रमवताम् ।
नतानामाचार्यो न नहि नतिरताः साधुचरिता-
स्तपस्तेषु श्रीमन्मणय इव जाताः प्रविरलाः ॥ १८०

અર્થ:–આ કલિકાળમાં દન્ડ એજ નીતિ છે. દંડથીજ ન્યાય માર્ગે ચાલે છે અને આ દંડ (શિક્ષા)ના આપનાર રાજા લોક હોય છે, પણ હાલ તેઓ માત્ર ધનને માટે ન્યાય કરે છે અને આશ્રમવાલાની અર્થાત મુનિઓની પાસે ધન હોતું નથી, જેથી તેમને રાજાઓ ન્યાય માર્ગ ઉપર શા માટે ચલાવે ? હવે રહ્યા **આચાર્ય** કે તેઓ વિનય નમસ્કારના લોભી હોવાથી વિનય કરનારા મુનિઓને દંડ વિગેરે આપતા નથી, માટે મુનિઓમાં પણ સાધુ ચરિત્ર અર્થાત ઉત્તમ આચરણ કરવાવાળા પુરૂષો ઉત્તમ મણિઓની માફક બહુજ થોડા છે.

इतस्ततश्च त्रस्यन्तो विभावर्यां यथा मृगाः ।
वनाद्विशन्त्युपग्रामं कलौ कष्टं तपस्विनः ॥ १०७

અર્થાત્:—જેમ બીકણ મૃગ સિંહાદિકના **ભયથી** જ્યાં ત્યાં **ભટકીને** રાત્રે જંગલમાંથી નાસીને ગામની **સમીપ** આવી જાય છે, તેજ પ્રમાણે અરે ! ખેદ છે કે કલિકાળમાં તપસ્વી મુનિ પણ રાત્રે ગામની પાસે આવીને **રહે** છે.

ગુણભદ્રસ્વામીની કંઇક પછી વિક્રમના ૧૦મા સૈકાના આરંભમાં જેનું અસ્તિત્વ હતું, એવા **શ્રી સોમદેવસુરીએ** પોતાના **ઉપાસકાધ્યયનમાં** લખ્યું છે કેઃ—

काले कलौ चले चित्ते देहे चान्नादिकीटके ।
एतच्चित्रं यदद्यापि जिनरूपधरा नराः ॥ पृष्ट ४०९

અર્થાત્—જે કલિકાળમાં લોકોનાં ચિત્ત અતિશય ચંચળ થઇ ગયાં છે, અને શરીર અન્નનો કીડો! બની ગયુંછે, તેમાં આ ઘણું **આશ્ચર્ય** છે કે હજુ પણ **દિગંબર** રૂપને ધારણ કરનારા પુરૂષ **મળે** છે.

એની પછી વિક્રમના તેરમા સૈકાના **પંડીત આશાધરે** પણ એજ મતલબનો શ્લોક કહ્યો છે કે—खद्योतवत्सुदेष्टारोहा द्योतन्ते क्वचित् क्वचित् । **અર્થાત્**—આ અંધકાર પૂર્ણ કાળમાં સારો ઉપદેશ **આપવાવાળા** મુની જુગનુની માફક કોઇ કોઇ સ્થળે ચમકતા દેખાય છે. આ અત્યંત અફસોસની બીના છે.

આ સર્વે શ્લોકોથી આ બાબતનો સારી રીતે પત્તો મળે છે. વળી એ સમયના અન્ય ગ્રંથોનું અવલોકન કરતામાં આવે, તો **એથી** પણ વધુ સ્પષ્ટ વિદિત થાય, કે વિક્રમના ૯–૧૦–૧૧ વગેરે સૈકાઓમાં પણ મુનિ બહુજ થોડા રહી ગયા હતા, અને જે હતા તેમાં શિથિલાચારની પ્રવૃત્તિ ધીમે ધીમે વધતી જતી હતી એટલે કે સારા મુની તો નામ માત્રજ રહ્યા હતા.

એ સમયના શિથિલાચારી મુનિઓ તરફ લક્ષ આપી **ભગવદ્ ગુણ-ભદ્રાચાર્યે** પોતાના **આત્માનુશાસનમાં** તથા **મલ્લિષેણ** આચાર્યે **સજ્જનચિત્તવલ્લભમાં** ઘણુંજ લખ્યું છે. એ ગ્રંથોનું મનનપૂર્વક અધ્યયન કરવાથી એ સમયના મુનિમંડળનું આબેહુબ ચિત્ર આપણી સામે ખડું થાય છે. **યશસ્તિલકના** કર્તાએ તો કોઇ રીતે ગુરૂમાર્ગની પ્રવૃત્તિ ચાલુ રાખવાને અને ગૃહસ્થ માર્ગનો ઉપકાર થતો રહેવાના અભિપ્રાયથી તે સમયના શિથિલતાચારી મુનિઓની પૂજા કરવાને માટે એટલે સુધી લખેલું છે કે જે પ્રમાણે જીનેંદ્ર ભગવાનની લેપાદિની બનાવેલી પ્રતિમાઓ પુજ્ય છે, તેજ પ્રમાણે પૂર્વ કાળના મુનિઓની છાયા રૂપ વર્તમાન મૂનિઓને પણ પૂજવા જોઇએ—

यथा पूज्यं मुनीद्राणां रुपं लेपादिनिर्मितम् ।
तथा पूर्वमुनिच्छाया पूज्याः सम्प्रातिसंयताः ॥

આ શ્લોકથી વાંચકે એમ ન સમજી લેવું, કે **સોમદેવ-સુરિએ** ભટ્ટારકોને પૂજવાની આજ્ઞા આપી દીધી છે. નહિ, એમનો અભિપ્રાય વસ્ત્ર રહિત દિગમ્બર મુનિઓને માટે છે, પરંતુ એવા મુનિ કે જેનાં બીજાં આચરણ શાસ્ત્રોક્ત મુનિઓ જેવાં નથી.

ઉપર આપેલા શ્લોકોથી હું ફક્ત એજ સિદ્ધ કરવા માંગું છું કે--ભટ્ટારક એકાએક થઇ ગયેલા નહિ, પણ વિક્રમના આઠમા નવમા સેંકામાં જે શિથિલતાનો પત્તો લાગે છે, તેની ધીમે ધીમે વૃદ્ધિ થતાં તેનો પ્રાદુર્ભાવ થયો હતો. પહેલાં થોડા **ઉત્તરગુણોમાં** દોષ લાગતા હતા, પછી ઘણામાં લાગવા ગયા અને અંતે **મૂળગુણોનો** પણ નાશ થવા લાગ્યો. પહેલાં મુનિઓ નિરંતર વનોમાંજ રહેતા હતા, ભોજનાદિકને માટે નગર કે ગામોમાં આવતા; આગળ જતાં દિવસે વનમાં

અને રાતના ગામની પાસે આવવા માંડયા અને અંતે નિરંતર નગરોમાં બહુ માણસોની સાથેજ રહેવા લાગ્યા. કારણથી કાર્યની સિદ્ધિ થવાનાં કારણો ઘણાં ઓછાં હોય છે, ત્યારે શહેરોમાં ચારિત્ર ટકી રહેવાનાં કારણો પણ બહુજ ઓછાં હોય છે. એટલે ગામોમાં રહેવાથી મુનિઓનું ચારિત્ર શિથિળ થતાં થતાં ભટ્ટારક અવસ્થા કેમ પ્રાપ્ત ન થાય ? કયાં તે **શાન્તિપૂર્ણ વન** કે જયાં પ્રત્યેક પરમાણુમાં અને પ્રકૃતિના પ્રકૃત રૂપમાં વૈરાગ્યને વધારવાવાળી અને ચિત્તની ચંચળતા મટાડનારી **અગણીત શક્તિઓ** છે અને કયાં **અશાન્તિનું ક્રીડાસ્થળ નગર** કે જયાં રાગ અને દ્વેષને વધારનારો તથા વૈરાગ્યને મલીન કરનારો મલીન વાયુ રાત દિવસ વહયા કરે છે.

જયારે મુનિઓના ચારિત્રમાં ઉપર લખ્યા મુજબ શિથિલતા વધી રહી હતી, અને વાસ્તવિક ચારિત્રના પાળનારા મુનિ કવચિત નજરે પડતા હતા, ત્યારે ભટ્ટારકોની સ્થાપનાના વિષયમાં આ પણ સંભવ છે કે એ મુનિઓ તથા શ્રાવકોના હૃદયમાં જે કે જૈન ધર્મની તાત્કાલિક અવસ્થાને અને સમયની ગતિને બારીકીથી જોવા વાળા હશે તથા જેને દિગંબર માર્ગને કાયમ રાખવાની ચિન્તા હશે, ત્યારે એ વાત ઉભી થઇ હોય કે હવે મુનિઓના આ અસ્તવ્યસ્ત આદર્શથી જૈન ધર્મ ટકી રહેવો મુશ્કેલ છે, માટે ઉચિત છે કે હવે કોઇ બીજી પદ્ધતિથી જૈન ધર્મની સેવા કરવા માટે એમને તત્પર કરવા જોઇએ. અને પછી એમણે સર્વની સંમતિ લઇને ભટ્ટારકોના પટ્ટો સ્થાપીત કર્યા હોય. ભટ્ટારકોનો વેશ અને ચારિત્ર ઠીક છે કે નહિ, એ વાત જુદી છે, પણ અમારી સમજ પ્રમાણે એ વાતનો સર્વે કોઇ સ્વીકાર કરશે કે એ **સમયે ભટ્ટારકોદ્વારા જૈન ધર્મને**

ઘણો લાભ થયેલો છે. જો ભટ્ટારક ન હોત, તો જરૂર દિગંબર સંપ્રદાય પોતાની આ વર્તમાન અવસ્થાથી પણ બહુજ હલકી સ્થિતિમાં પડેલો જોવામાં આવતે.

શ્વેતાંબર સંપ્રદાયમાં **શતપદી** નામનો એક સંસ્કૃત ગ્રંથ છે, જેને **ધર્મઘોષસુરી**ના પ્રાકૃત ગ્રંથ ઉપરથી તેમના શિષ્ય **મહેંદ્રસિંહ સુરીએ** વિક્રમ સંવત ૧૨૯૪ માં બનાવ્યો છે. એ ગ્રંથમાં એક '**દિગંબર મત વિચાર**' નામનું પ્રકરણ છે, અને તેમાં **સ્ત્રી** મુક્તિ પ્રતિમા શ્રૃંગાર, પાણિપાત્ર દોષ, મુનિઓનું વસ્ત્ર ગ્રહણ વગેરે કેટલીક વાતોને લઇને દિગંબર સંપ્રદાયના માનેલા ચારિત્રનું સંક્ષિપ્ત રીતિથી ખંડન કરેલું છે! આ લેખનો ઉક્ત ખંડન મંડન સાથે કાંઇ સંબંધ નથી, પણ એમાં એ સમયના દિગંબર સમ્પ્રદાયના સાધુઓ સંબંધી જે વાતો કહી છે, તેમાં એ વાતનો પત્તો લાગે છે કે–વિક્રમના તેરમા સૈકામાં દિગંબર મુનિઓનું ચરિત્ર કેવું હતું. એમાંની કેટલીક બાબતો અમે અત્રે અર્થ સાથે જણાવીએ છીએ.

१—यदि च दिग्वासस्तत्कथं सादरिकापारियोगपट्टकान् गृह्णन्ति । यदि तु पञ्चमकालत्वात् लज्जापरिषहासहिष्णुतया च आवरणमपि गृह्णन्ति ततः कथं न परिदधाति । नहि प्रावरणमुत्कलं परिधानं च निषिद्धमित्यस्ति क्वापि । अन्यच्च प्रावरणमपि प्रासुकेनैव वस्त्रेण यथालब्धेन किमिति न क्रियते किमिति रजकादिहस्तेन हृदसरःप्रभृतिषु सशैवालनद्वितिचतुःपंचेन्द्रियजीवाकुलेन क्षालनमनेकसत्वसंघातविघातकेनाशोधितेन्धनप्रज्वालितेन वन्हिना रंजनादिकं विधाप्यते ।

ભાવાર્થ—જો તમે દિગંબર હો તો ચટાઇ (સાદડી) તથા યોગપટ્ટ (લંગોટી) કેમ રાખો છો ? જો કહો કે પંચમકાળ હોવાને લીધે તથા લજ્જા પરિષહનું સહન નહિ કરી શકવાથી રાખીએ છીએ, તો પછી એને નિરંતર કેમ રાખતા નથી, કેમકે એવું તો કોઇ સ્થળે કહ્યું નથી કે આવરણ અથવા યોગપટ્ટ રાખવું, પણ પહેરવું નહિ. અને એ આવરણ જેવું મળી જાય, તેવું પાસુક વસ્ત્ર લઇને કેમ બનાવતા નથી ? ધોબી વગેરેના હાથથી જીવમય નદીઓ, તળાવોમાં કેમ ધોવરાવો છો ? તથા વગર જોયલાં બલતણથી કરેલી અગ્નિદ્વારા તેને કેમ રંગાવો છો ?

२—स्वभावसिद्धं सुलभं अल्पमूल्यं च श्वेतकल्पं विना शीतकाले अनन्यसममहासावद्यसर्वत आधारसत्त्वज्वलनाधाराङ्गारशकटीं भजन्ते । शुपिरं सबीजं च संस्तरणाद्यर्थं पलालमाश्रयन्ति । तैलाभ्यङ्गं च निषिद्धं कारयन्ति । जिनभवनगूढमंडपादिष्वप्याशातनामगणयन्तः शीतभयाच्छेरते । ग्लानत्वे च गृहस्थसम्बन्धीन्यप्रत्युपेक्षतानि प्रमाणाधिकानि यतिजनायोग्यानि पटीद्विपटीबोरकरालिकादिनि प्रावृण्वन्ति ।

અર્થાત—કપડા વગરના (તમારામાંના ઘણા સાધુ) શીતકાળમાં મહાન્ પાપની કરવાવાળી અગ્નિની મદદ લો છો. બીજ યુક્ત અને બીજ વિનાના પરાળના બીછાનાનો આશરો લો છો, તેલનું મર્દન જે સાધુઓને માટે વર્જીત છે, તે કરાવો છો. અવિનય હોવાનો કાંઇપણ વિચાર નહિ રાખતાં જીન મન્દિરના ગૂઢ મંડપ (ગર્ભાલય) માં સૂઓ છો. એ સિવાય ગૃહસ્થોનાં અને સાધુઓનાં અયોગ્ય તથા અશુદ્ધ ધોતી દોપટા વગેરે ઘણાં વસ્ત્રો ઓઢી લો છો.

३—तीर्थंकरानुकारमिच्छतां मठे निवसनमाधाकर्मकादि भोगं तृणपटीपरिधानं पिच्छिकाकमण्डलुधारणं छद्मस्थानां धर्मदेशनां शिष्याशिक्षादीक्षादिकं सर्वमविधेयं स्यादिति ।

અર્થાત—જો તમે કહો કે અમે તીર્થંકરના અનુયાયી છીએ. તેઓ વસ્ત્ર રાખતા નહોતા, તેથી તેમની પેઠે અમે પણ વસ્ત્ર રાખતા નથી, તો પછી મંઠામાં રહેવું, આધાકર્મ સેવન ! તૃણની લંગોટી કરવી, મોર પિચ્છી તથા કમંડળુ રાખવું, છદ્મસ્થ થઇને પણ ધર્મ ઉપદેશ આપવો અને શિષ્યોને શિક્ષા દિક્ષા આપવી વગેરે કાર્ય તમારે નહિ કરવું જોઇએ.

४—यदि च भवतां जिनकल्पानुकारः सर्वथा परिग्रहपरित्यागो वा तत्किमिति अप्रत्युपेक्षणीयम् । शैवालाविलं नलिका मालद्वारमहोरात्रमपि जलसन्निधिदोषेण रात्रिभोजनस्य परिग्रहव्रतस्य च दूषणकारिपित्तलताम्रलोहमयशृंखलाघट्ना(?)- कमण्डलुः दुःप्रत्युपेक्षितापिच्छिकावस्त्रोपानहश्च परिगृह्यन्ते कथं वा । पुस्तक—पुस्तिका—कपरिका—स्थपनिका—पुस्तकपट—योगपट्टकासनपट्ट--तृणपटीखदिरवटिकानालिकेरनानाविधौषधसन्निधयो ध्रियन्ते । अथैतावान् परिग्रहः पञ्चमकालत्वाद्ध्रियते तर्हि संयमोपष्टंभकेन लज्जाशीतत्राणादिहेतुना वर्षासु अप्कायादियतनकारिणा धर्मोपकरणेन वस्त्रादिनापि किमपराद्धं । कथ च जिनकल्पानुकारिणमात्मानं मन्यमानापि स्त्रीभिश्चरण-

प्रक्षालनादिकमार्यिकाभिः सहैकप्रवासः चैत्यनिवासः आर्यिकाभिर्भक्तसंस्कारः सुखासनादिपरिभोगः ज्योतिर्निमित्तचिकित्सामन्त्रवादधातुर्वादार्धकाण्डक्षुद्रविद्यादिप्रयोजनः सचित्तपुष्पपत्रैः पादाभ्यर्चनं सचित्तजलघृष्टचन्दनेन पादानुलेपनं कुङ्कुमादिनाचरणाङ्गरागः कनकरजतादिभिश्चरणपूजनं सचित्तजलेन चरणप्रक्षालनं दुग्धघृतचिक्कसाभिश्चरणस्नानं सदासि व्याख्यानं शिष्यदीक्षणं बहुसाधुमध्ये निवसनं सदैवैकलावस्थानामित्यादीनि कुर्वन्ति ।

અર્થાત—જો આપ જીનકલ્પી મૂનિઓનું અનુકરણ કરવા વાળા છો, તો સર્વે પરિગ્રહનો ત્યાગ કેમ કરતા નથી ? પીતળ, તાંબુ, અને લોઢાની સાંકળવાળું કમંડળુ જે શેવાળથી ગન્દું રહે છે, એક ટોટીવાળું હોય છે, રાત દિવસ પાણી યુકત રહેવાથી રાત્રિભોજન વ્રતમાં અતિચાર લાગે છે અને પરિગ્રહ ત્યાગ વ્રતને દુષિત કરે છે, તેને કેમ રાખો છો ? પીંછી કેમ લો છો ! કપડાના જોડા કેમ પહેરો છો ? ગ્રન્થ, પોથી, કપરિકા (!) દાણા, બાંધણ, યોગપટ્ટ, ચટાઇ, ઘાસની લંગોટી, અને ખદિરબટી, નાળિએર, વગેરે જુદા જુદા પ્રકારની ઔષધિઓ પાસે કેમ રાખો છો ? જો એ સર્વે પરિગ્રહ **પંચમકાળને** માટે રાખો છો. તો સંયમની સહાયક લજ્જા તથા ટાઢથી બચાવનાર, અને વરસાદમાં જળકાયના જીવોની રક્ષા કરવાવાળાં વસ્ત્રાદિ ધર્મોપકરણોએ તમારો શો અપરાધ કર્યો છે. અર્થાત્ કપડાં કેમ રાખતા નથી ? એને જ્યારે તમે પોતાને **જીનકલ્પી મુનિઓનું** અનુકરણ કરવાવાળા માનો છો, ત્યારે સ્ત્રીઓથી

ચરણ પ્રક્ષાલન કરાવવું, આર્જિકાઓ સાથે એક જગાએ રહેવું, મન્દિરોમાં રહેવું, આર્જિકાઓથી ભોજન બનાવવું, પાલખીમાં બેસવું, જ્યોતિષ, નિમિત્ત, ચિકિત્સા, મંત્રવાદ, ધાતુવાદ, અર્થકાંડ વગેરે ક્ષુદ્ર વિદ્યાઓનો પ્રયોગ કરવો, સચિત્ત, ફુલ પત્ર, સચિત્ત જળથી ઘસેલું ચંદન, કેસર, સોનું, ચાંદી, ઘી, દૂધ વગેરે પદાર્થોથી પગ પૂજાવવા, સભાઓમાં વ્યાખ્યાન આપવું, શિષ્યોને દિક્ષા આપવી, ઘણા સાધુઓમાં રહેવું, હમેશાં એકજ સ્થાનમાં રહેવું વગેરે અયોગ્ય કાર્ય કેમ કરો છો ?

શતપદીનાં ઉપલાં વર્ણનોથી એ વાતનો પત્તો લાગે છે કે-વિક્રમ સંવત **૧૨૯૪**માં જ્યારે શતપદી રચાઇ હતી, બલકે એથી પણ ૧૦–૧૫ વરસ પહેલાં દિગંબર સમ્પ્રદાયના સાધુ કે જે પાછળથી અધિકાર પ્રાપ્ત ભટ્ટારકોના રૂપમાં તેઓ લગભગ ભટ્ટારકોનાં જેવાંજ આચરણ કરતા હતા. તેઓ નિરંતર વસ્ત્ર તો પહેરતા ન હોતા, પરંતુ લજ્જા નિવારણ કરવાને માટે એક રંગીન આવરણ રાખતા હતા, ઘાસની લંગોટી પણ લગાવતા હતા, ઠંડીથી બચવાને માટે કોઇ તેલ લગાવતા હતા અથવા પરાળ વગેરેનો આશરો લેતા હતા, મંદિરોમાં રહેતા હતા, આર્જિકાઓ પણ ત્યાંજ રહેતી હતી, કોઇ કોઇ વખત આર્જિકાઓ પાસે ભોજન બનાવી લેતા હતા, ચટાઇ રાખતા હતા, જ્યોતિષ, મંત્ર વગેરેના પ્રયોગ પણ કરવા લાગ્યા હતા, પાલખીઓમાં બેસતા હતા, અને દવાઇઓ પણ રાખતા હતા. આ પ્રમાણે મુનિપદથી અયોગ્ય ઘણાં કાર્યો કરવા લાગ્યા હતા.

હમારા ઘણા વાંચકો કહેશે કે એક ભિન્ન સમ્પ્રદાયના લેખકની લખેલી વાતો પ્રમાણરૂપ ખરી કેમ માનવી ? દિગંબર સંપ્રદાયની

નિંદા કરવાને માટેજ આ બાબતો તેમણે લખી હોય, તો શું આશ્ચર્ય છે ! પરંતુ એવો ખ્યાલ કરનારે વિચાર કરવો જોઇએ કે **ગ્રંથકર્તાનો મુખ્ય ઉદ્દેશ** આ વાતો લખીને દિગંબર **સમ્પ્રદાયની** નિન્દા કરવાનો નથી. એમણે માત્ર એજ બાબત બતાવવાનો પ્રયત્ન કર્યો છે કે તમારી જે વર્તમાન વૃત્તિ (રીતભાત) છે, તેજ તમારા શાસ્ત્રોને અનુકુળ નથી અને તેની અપેક્ષાએ તો શ્વેતામ્બર વૃત્તિજ સારી છે. જો કે એ વાતોમાં તેમણે થોડી ઘણી **અતિશયોક્તિ** તો કરી હશે, પણ એવો સંભવ નથી કે તે વખતે જે વાતો નહોતી તેનો જુડો ઉલ્લેખ કરી દીધો હોય. એમની આપેલી યુક્તિઓ ઠીક ન હોય, તેનું ખંડન થઇ શકતું હોય તે પક્ષપાતને વશ થઇ તેમણે લખેલું હોય, પણ એ નજ બની શકે કે સર્વથા વસ્ત્રરહિત દિગંબર સાધુઓને તે એમ કહી દે કે તમે યોગપટ્ટ કે વસ્ત્ર રાખો છો.

વિક્રમ સં. **૧૨૯૪** ની લગભગની ઉક્ત વાતોથી અમારો એ વિચાર પણ પુષ્ટ થાય છે કે **મુનિ માર્ગમાં શિથિલતા** ધીમે ધીમે ચાલી આવી છે. વિક્રમના ૧૫ મા સૈકામાં જ્યારે ભટ્ટારકોની સ્થાપના થએલી હતી, ત્યારે તે વસ્ત્ર ધારણ કરવા લાગ્યા હતા. બલ્કે એવું કહેવું જોઇએ કે મુખ્યત્વે કરીને વસ્ત્રોને ધારણ કરીનેજ ભટ્ટારક બન્યા હતા, પરંતુ **શતપદીના** ઉપલા લેખથી એવું માલમ પડે છે કે ૧૩મા સૈકામાં સાધુઓ લજ્જા નિવારણને માટે કોઇ કોઇ વખતે યોગપટ્ટથી કટિ ભાગને આચ્છાદિત કરી લેતા હતા, પણ દરેક વખતે વસ્ત્ર પહેરતા નહોતા. ૧૩ મા સૈકામાં ચટાઇ, યોગપટ્ટ, પુસ્તકપટ્ટ, ઔષધિઓ વગેરે થોડો પરિગ્રહ રાખતા હતા, પરંતુ ૧૫ મા તથા તે પછીના સૈકાઓમાં સેંકડો પરિગ્રહ રાખવા લાગ્યા હતા. પહેલાં

ઘણા સાધુઓના સંગમાં રહેતા હતા, પણ પછી જુદી જુદી ગાદીઓ સ્થાપીને એકલા રહેવા લાગ્યા હતા. એ પ્રમાણે **ચારિત્રની શિથિલતાના ક્રમનો પત્તો** શતપદીના સમયની અને ભટ્ટારકોના સમયની હાલતનો મુકાબલો કરવાથી સારી રીતે માલમ પડે છે.

पहेलाना भट्टारक अने हालना भट्टारक.

જેવી રીતે મુનિઓના ચારિત્રમાં શિથિલતા થતાં થતાં કાલાન્તરે ભટ્ટારકનું રૂપ પ્રાપ્ત થયું, તેજ પ્રમાણે પહેલાં જે ભટ્ટારકો થયા હતા, તેમના ચારિત્રોમાં શિથિલતા થતાં થતાં તેમને હાલના ભટ્ટારકોનું રૂપ પ્રાપ્ત થયું છે. મુનિઓની જે નીચામાં નીચી અવસ્થા હતી, તે ભટ્ટારકોની ઉંચામાં ઉંચી અવસ્થા હતી અને ભટ્ટારકોની જે નીચામાં નીચી અવસ્થા છે તે તેમની હાલની ઉપસ્થીત અવસ્થા છે. સમય આ સર્વને ખરા નિવૃતિ માર્ગમાંથી પ્રવૃત્તિ માર્ગ તરફ ખેંચી જાય રહ્યો છે, અને ખેંચતાં ખેંચતાં સાધુઓની આ અવસ્થા થઇ ગઇ છે, અને હવે પછી એમની શું અવસ્થા થશે એવો વિચાર ઉત્પન્ન થવાથી હૃદયમાં મહા વેદના થાય છે.

ભટ્ટારકોનું ચરિત્ર પહેલાં કેવું હશે, એને માટે આપણે ઉક્ત ગ્રંથોલ્લિખિત ચરિત્રથી વધુ શિથિલતાએ પહોંચેલા ચરિત્રનો વિચાર કરવો જોઇએ. એમાં સંદેહ નથી કે પ્રારંભના (અગાઉના) ભટ્ટારક પ્રવૃત્તિ માર્ગની બાજુએ નમી ગયા હતા, વસ્ત્ર ધારણ કરવા લાગ્યા હતા, ઘણું કરીને એકજ સ્થળમાં રહેવા લાગ્યા હતા, થોડા ઘણા પૈસા પણ પાસે રાખતા હતા, પરંતુ એ સર્વ તેમણે માત્ર પોતાના સ્વાર્થ માટેજ કર્યું નહિ હશે. તેમના હૃદયમાં ધર્મ માર્ગને રક્ષણ કરવાની વાસના જરૂર રહી હશે. આ હમે ખુલ્લા દિલથી માનીએ છીએ કે

અગાઉના ભટ્ટારકોએ પોતે પોતાને મૂળ માર્ગથી પતિત કરીને પણ **જૈન ધર્મની પુષ્કળ સેવા** કરી છે, બલ્કે ડુબતા ધર્મને બહુ મોટું અવલમ્બન આપ્યું છે. એમાં **સકળકીર્તિ, શુભચન્દ્ર,** (ષટ ભાષા કવિ ચક્રવર્તિ), **પ્રભાચન્દ્ર, જ્ઞાનભુષણ,** વગેરે મોટા મોટા ભારે **વિદ્વાન ગ્રંથકર્તા,** અને ઉત્કૃષ્ટ ચારિત્રના ધારણ કરવાવાળા થઇ ગયા છે, જેમની દ્વારા જૈન ધર્મની ઘણી ભારે પ્રભાવના થઇ છે. **પહેલાંના ભટ્ટારકોના સેંકડો શિષ્યો** હોતા હતા, જેઓ નિરંતર ગ્રંથોનું અધ્યયન કરતા હતા, અને નગરે નગર અને ગામે ગામ ધર્મોપદેશ કરી શ્રાવકોને સુમાર્ગ પર ચઢાવતા હતા. જોકે તેઓ વસ્ત્રાદિ પરિગ્રહ રાખતા હતા, તોપણ તેને સારૂં સમજતા નહોતા. પોતાની શક્તિની ક્ષીણતાને માટે તેમને ખેદ થતો હતો. જો એમ ન હોત, તો કોણ કહી શકે છે કે એ સમયના સર્વ શક્તિમાન અને વિદ્વાન ભટ્ટારક દિગમ્બર સમ્પ્રદાયને શિથિલતાના કેટલા ઉંડા ખાડામાં નાંખી દેતે ? જો તેઓ પોતાના ભેષ અને ચારિત્રને સારૂં સમજતા હોત, તો ઓછામાં ઓછું પોતાના રચેલા ગ્રંથોમાં તો એનું મંડન જરૂર કરત. એમ તેમણે કર્યું નથી, તેથી માલુમ પડે છે કે તેઓ સાચા, સ્વચ્છ અને **જૈન ધર્મના શ્રદ્ધાળુ** હતા.

અગાઉના ભટ્ટારકોના સમયનું સાહિત્ય વિચારપૂર્વક અધ્યયન કરીએ અને ઇતિહાસ શોધીએ, તો માલૂમ પડશે કે એમની મારફતે જૈન ધર્મની બહુજ પ્રભાવના થઇ હતી અને એમના સમયમાં પહેલાંના બે ત્રણ સૈકાઓમાં જ્યારે ભટ્ટારકોની ગાદી સ્થાપીત થઇ નહોતી, ત્યારે દિંગબર સંપ્રદાયે બહુજ **ઉન્નતિ** કરી હતી.

હવે કાંઇક આગળ વધીએ. જે વસ્ત્રાદિકના પરિગ્રહને પહેલાંના

ભટ્ટારકોએ નિરૂપાયથી ગ્રહણુ કરેલો, તે પછીના ભટ્ટારકોએ ધીમે ધીમે ઇચ્છાપૂર્વક પરિગ્રહ રાખ્યો, અને ધીમે ધીમે તેમાં વધારો કરતા ગયા, !!! જો પરિગ્રહનો સંસર્ગજ સારો હોત, તો આપણા દીર્ઘદૃષ્ટી મુનિઓ એનો નિષેધ શા માટે કરતે ? એના પરિણામે પાછળના ભટ્ટારકો એવા મૂર્ચ્છિત (મોહિત) થયા કે વસ્ત્રાદિ પરીગ્રહ રાખવો, તેને આપત્તિ ધર્મ સમજવાને બદલે પોતાનું કર્તવ્ય કર્મ સમજવા લાગ્યા, અને બે ત્રણ સૈકા પછી તો તેઓ "જગદ્‌ગુરૂ' બની બેઠા !

જે વખતે ભટ્ટારકોની સ્થાપના થઇ, તેની પહેલાં કેટલાંક સો વરસ પહેલાંથી હિંદુસ્તાન અશાન્તિનું ક્રીડાસ્થળ બની રહ્યું હતું. **મુસલમાનોની** ચઢાઇઓથી, એના નિષ્ઠુર શાસનથી, હિંદુ રાજાઓના પરસ્પર કજીઆઓથી અને લૂંટ, જોરજુલમતા વગેરેની અધિકતાથી દેશની દશા ઘણી ભયભીત હતી. અને એ નિયમજ છે **કે જ્યાં સુધી રાજકીય શાન્તિ ઠીક હોતી નથી, ત્યાં સુધી મનુષ્યની માનસિક શક્તિઓનો વિકાસ હોતો નથી.** જ્યારે લોકોને નિરંતર ધન અને મનુષ્ય રક્ષાની ચિન્તા ઘેરાઇ રહેતી હતી, ત્યારે ભણવું, લખવું કેમ બને ? તે વખતે વિદ્યાની ચર્ચા બહુજ થોડા લોકોમાં રહી ગઇ હતી. ગૃહસ્થોમાં તો હિસાબ અને ચિઠ્ઠીપત્રીની વિદ્યાજ પંડિતાઇ પૂરતી ગણાતી હતી. ધાર્મિક, આધ્યાત્મિક, વગેરે વિદ્યાઓનો આધાર કેવળ એ સમયના બ્રાહ્મણ અથવા ધર્મગુરૂ ઉપર રહી ગયો હતો. એવી અવિદ્યાના સમયમાં ભટ્ટારકોના ચરિત્રપર નિરંકુશતા થવી, એ સ્વાભાવિકજ હતું; કારણકે એકતો પરિગ્રહનો સ્વભાવજ ચારિત્રને શિથિલ કરે છે. અને પછી શ્રાવકોમાં **ભોળા ભક્તો** વગર એવા પુરૂષો રહ્યા નહિ કે જેઓ તેમના હૃદયમાં એવો ભય ઉપ્તન્ન

કરત કે એ લોકો અમારી આ સ્વચ્છંદ પ્રવૃત્તિ જોઇને શું કહેશે! ભક્તજનો સમજ્યા કે મહારાજ જે કાંઇ કરે છે તે શાસ્ત્રોક્તજ કરતા હશે અને મહારાજ સમજ્યા કે જે અમે કરીએ છીએ, તે ઠીકજ છે. **'હમ કરે સો કાયદા'**. બસ, આ મુજબ ભટ્ટારકો પણ આંખ બંધ કરી શિથિલતા તરફ વળતા ગયા અને આખરે નિવૃતિ માર્ગથી એટલા દૂર જઇ પડયા કે **હાલના ભટ્ટારકોને** જોઇને એટલું અનુમાન પણ થઇ શકતું નથી કે એઓ પરમ દિગંબર મુનિઓના ઉત્તરાધિકારી છે, કે જેઓ કદી વનમાં, પર્વતોની ગુફામાં અથવા એવાજ નિર્જન સ્થાનોમાં જરાપણ પરિગ્રહથી રહિત થઇને જાત રૂપ અવસ્થામાં **ઘોર તપ** કરતા હતા.

હાલના ભટ્ટારકો કેવા છે, તે લખતાં અમને બહુ દિલગીરી થાય છે અને પાછલી તથા હાલની સ્થિતિનો વિચાર કરતાં રડવું આવે છે. જે **'ભટ્ટારક'** શબ્દ માત્રજ સાંભળતા એક સમય ધર્મની મનોહર મૂર્તિ નેત્રોની સામા ખડી થતી હતી, તેને બદલે આજે ભટ્ટારક શબ્દ સાંભળતા મૂર્તિમાન **કલિકાળની** ભયાનક સુરત દેખાવા લાગે છે.

આ સઘળી ટીકા સામાન્ય સમુદાય, સંબંધે છે, તેપરથી એમ કહેવું નથી કે હાલ કોઇ ઉત્તમ ચારિત્રવાલા ભટ્ટારક નથી, એવું સમજવું નહિ. અત્યાર સુધી જે કાંઇ કહ્યું છે, તે અધિકતાનું ધ્યાન રાખીને કહ્યું છે. **મુનિ** શિથિલ થતાં થતાં ભટ્ટારક થઇ ગયા એ ઠીક છે, પરંતુ એવું નહિ સમજવું જોઇએ કે ભટ્ટારકોના સમયમાં **નિગ્રંથ મુનીઓનો** સર્વથા અભાવ થઇ ગયો હતો. નહિ, થોડા ઘણા મુની બરાબર થતા રહ્યા હતા અને એમાં ઉત્તમ ચરિત્રવાળાની પણ કમી નહોતી. એજ પ્રમાણે ભટ્ટારકોમાં પણ એવા

મહાત્માઓ થઇ ગયેલા અને હાલ પણ એક બે ભટ્ટારકો એવા છે કે જેમને માટે આપણે અભિમાન રાખવું જોઇએ.

હાલના સમયના ભટ્ટારક એક અવિદ્યારૂપી અંધકારમાં છવાયલી **સમાજના** જોરા તોરાવાળા શાસક (રાજા) છે. જો કે એઓ પોતાને **નિગ્રંથ** માર્ગના ઉપદેશક બતાવે છે, તોપણ એમનો વૈભવ એક નાના મોટા રાજાથી ઓછો હોતો નથી. એમની સવારી માટે **પાલખી** હોય છે. બેસવાને માટે ઉંચી **ગાદી** અથવા **સિંહાસન** હોય છે, મુસાફરીમાં ચામડાના પટા અને ચપડાસ લગાવેલા કેટલાક **સીપાઇઓ હોય** છે. સાથે **રસોઇઓ** હોય છે અને **હજારો અને લાખોની દોલત** ! હોય છે. ભાવાર્થ એજ છે કે ઐહિક ભોગોને સહાયક જેટલી સામગ્રી જોઇએ તે ઘણી ખરી હોય છે !

જે ગામમાં ભટ્ટારકના અનુયાયીઓ રહે છે, ત્યાં ઘણું કરીને દરેક ઘર પાછળ કંઇને કંઇ **વાર્ષિક કર (ડાપું) ભટ્ટારકનો** હોય છે, જે વસુલ કરવાને ભટ્ટારકના સિપાઇ અથવા પંડિતો જાય છે. વળી જ્યારે કોઈ શ્રાવક એમને **ભાવના** (ભોજન)આપે છે ત્યારે કેટલેક સ્થળે **દક્ષિણા** આપવાનો ચાલ ઘુસાડી દીધો છે. આ દક્ષિણા આપવા માટે જો કોઇ આનાકાની કરે છે, તો તેને ત્યાં **જબરદસ્તી કે લાંઘણો** કરી દક્ષિણા વસુલ કરે છે ! **દક્ષિણ** અને **ગુજરાત**માં કેટલેક સ્થળે આવો બનાવ બનતો ઘણાની જાણમાં છે. ભટ્ટારકનો સિપાઇ જ્યાં સુધી શ્રાવક નિયમીત કર આપતો નથી, ત્યાં સુધી તેની પાસેથી જતો નથી. એમના રાજ્યમાં કેટલેક સ્થળે શ્રાવકોને પુજા કરવાનો પણ અધિકાર નથી! **દક્ષિણના એક ભટ્ટારક** એવા છે કે જે મૂળસંઘી અને કાષ્ઠાસંઘી બંન્ને ગાદીના અધિકારી છે ! જ્યારે પોતે મુળસંઘી શ્રાવકોમાં જાય છે,

ત્યારે **મયુરપિચ્છ** રાખે છે અને જ્યારે **કાષ્ઠાસંઘીમાં** જાય છે, ત્યારે ગાયની પુંછની પીંછી રાખી લે છે ! હાલ એઓ સર્વે છોડીને એક વૈભવશાળી નગરમાં **સંસારીક સુખોનો એકાંત અનુભવ** કરી રહેલા છે ! વળી એક બીજા ભટ્ટારક છે, જેને માટે એમ સંભળાય છે કે થોડા દિવસ પહેલાં તેઓ કોઇ સ્થળે ન્યાય શાસ્ત્રનું અધ્યયન કરવાને ગયા હતા ત્યારે પોતાની દાસીની યુવાન છોકરીને સાથે લઇ ગયા હતા ! હાલના ઘણા ખરા ભટ્ટારકો ધાર્મિક જ્ઞાનથી તો શૂન્યજ હોય છે, પરંતુ **જ્યોતિષ, વૈદક, મંત્રતંત્રાદી** વિદ્યાઓમાં ઘણા નિપુણ હોય છે અને આ વિદ્યાઓથી એમના **ભોળાભકતો**માં એમની સારી પ્રતિષ્ઠા થાય છે ! એમને એકજ વાર, **સાત અંતરાય** પાળીને ભોજન કરવાની પદ્ધતિ છે, છતાં હાલ તે પણ બરાબર પળાતું જણાતું નથી. ભટ્ટારકની **ગાદીઓ** જુદા જુદા **સંઘો** અને જુદા જુદા **ગચ્છોની** હોય છે અને પોતપોતાના ગચ્છ તથા સંઘનું એમને ઘણું **અભિમાન** હોય છે, જેથી ઘણું કરીને એઓ એક બીજા ભટ્ટારકના શત્રુ સમાન હોય છે. જે એક શહેરમાં એકથી વધારે સંઘના ભટ્ટારક હોય છે, ત્યાં તો નિરંતર કંકાસ જારી રહે છે. સાંભળવામાં આવે છે કે **નાગપુરમાં** એક વખત એક સંઘના ભટ્ટારકના શ્રદ્ધાળુ શ્રાવકે બીજા સંઘના ભટ્ટારકનો ઉપાનહ (જોડા) થી સત્કાર કર્યો હતો ! વાંચકો ! આ સર્વે બાબતો ઉપરથી આપ પોતેજ હાલના ભટ્ટારકોના ચરિત્રનું અનુમાન કરી લો. આથી વધુ શું લખીએ ?

हालना एक भट्टारकनुं स्वरुप.

હવે એક દક્ષિણના મિત્રદ્વારા એક મહારાજના વિષયમાં કેટ-

લીક વાતો જણાય છે, જે અત્રે પ્રકટ કરવી યોગ્ય લાગે છે. એ ભટ્ટારકજીને દ્રવ્યની પ્રાપ્તિ કંઇ કંઈ રીતના કરોદ્વારા થાય છે, તેમાં સર્વથી મોટું દ્વાર **વિધવા વિવાહ છે** ! "જૈનહિતેષી"ના વાંચકોને વિદિત હશે, કે દક્ષિણની **ચતુર્થ, પંચમ, શેતવાલ** વગેરે કેટલીક જાતિઓમાં વિધવા સ્ત્રીઓનો **પુનર્વિવાહ** થાય છે, અને એ પ્રથા ઘણું કરીને એક ભટ્ટારક મહારાજેજ જારી કરી હતી, અને એ વાતને લગભગ ૨૦૦ વરસ થઇ ગયાં છે. જે પુરૂષ કોઈ વિધવાથી પોતાનો વિવાહ કરે છે, તેને રૂા. ૧૬) ફી ભટ્ટારક મહારાજને આપવી પડે છે. સ્ત્રી એક પતિ જીવતો છતાં પણ તેને છોડી બીજા પતિ સાથે ફરીથી લગ્ન કરે છે, પરંતુ તેની ફી વધારે છે. આવા કેસને માટે ભટ્ટારકજીને રૂા. ૧૦૦ આપવા પડે છે! મહારાજના **કમંડળ પૂજનનો** રૂા. ૧) પડે છે, ભોજનની દક્ષિણા રૂા. ૩ા છે, દક્ષિણા ન આપવાથી કે એવાજ બીજા ગુન્હાથી શ્રાવકને જાતિ બહાર થવું પડે છે, અને દંડ આપવા પછીજ ન્યાતિમાં દાખલ થઇ શકાય છે. દંડના પૈસાના ત્રણ ભાગ પડે છે. એક **ભટ્ટારકનો**, બીજો **ઉપાધ્યાયનો**, અને ત્રીજો **પાટીલનો**. ભટ્ટારક મહારાજને ગૃહસ્થના સંસ્કાર કર્મોમાં પણ દ્રવ્ય પ્રાપ્તિ થાય છે, જેમકે બાળકના **કાન કુંકવાની** ફી રૂા. ૧ા લે છે. જો કોઇને પોતાને ત્યાં કોઇ મેલાવડામાં જાગરણ કરવાની જરૂર હોય છે તો તે માટે મહારાજને રૂ, ૩) દંડના પહેલા આપી આજ્ઞા લેવી પડે છે. ભટ્ટારક મહારાજ નાના મોટા મુકર્દમાઓ (કજીયાઓ) પણ કાંઇક ફી લઇ લે છે. અને પછી મહેનત કરી કોઇ એક પક્ષની જીત કરી આપે છે ! ભટ્ટારક મહારાજનો વેષ સમાયાનુસાર ફેરફાર થતો રહે છે.

જ્યારે તેઓ ઘોડેસ્વારી કરે છે, ત્યારે જાકીટ, પાયજામો વગેરે પહેરે છે. માથાપર એક જરીનો કીંમતી ફેંટો બાંધે છે અને હાથમાં એક ચાબુક રાખે છે. ધર્મકાર્ય સમયે બહુ કીંમતી ભગવાં વસ્ત્ર પહેરે છે. કોઇ કોઇ કસબી ધોતીઓ પહેરે છે, શાલ ઓઢે છે, હાથમાં સોનાની પહોંચી અને વીંટી પહેરે છે, કમંડળુ ચાંદીનું અને મોરપીચ્છી **સોનાની** રાખે છે. **ચાંદીના વાસણોમાં** ભોજન કરે છે. **તેલ ફુલેલનો** વ્યવહાર પણ કરે છે. એ પ્રમાણે મહારાજની પાસે મહારાજાને યોગ્ય પરિગ્રહ રહે છે, પણ વિદ્યાનો પરિગ્રહ લેશ માત્ર જણાતો નહિ ! વિદ્યા વગર પણ ભોળાભકતો એમને પરમ ગુરૂ સમજે છે, તો નકામી મગજમારી શા માટે ? જુઓ વાંચકો, આપણા પરમ વીતરાગ ભગવાન કુન્દકુંદાચાર્યના પટ્ટના ઉત્તરાધિકારીની સ્થીતિ ! !

तेरहपंथनी उप्तत्ति.

જુદા જુદા મતો અને પંથોની ઉપ્તત્તિના વિષયમાં વિચાર કરતાં જણાય છે કે લગભગ દરેક ધર્મ અને પંથ સમયની પરિસ્થિતિથી ઉત્પન્ન થયા છે. **પાર્શ્વનાથ સ્વામીની** પછી જ્યારે વૈદિક **ધર્મની** વિશેષ પ્રબળતા થઇ અને **યજ્ઞોમાં** ઘણોજ **જીવવધ** થવા માંડયો, **લોહીની નદીઓ** વહેવા લાગી, ત્યારે એ સમયની પરિસ્થિતિએ અને આવશ્યક્તાએ ભગવાન્ **મહાવીર** દ્વારા અહિંસા ધર્મનું પુનરૂજ્જીવન કરાવ્યું અને તે સાથે **બુદ્ધદેવને**, વૈદિક ધર્મની હિંસાનો, અને બ્રાહ્મણોના એકાધિપત્યનો ઉચ્છેદ કરવાને માટે અમિત શક્તિથી બૌદ્ધ ધર્મનો પાયો નાંખવાને માટે ઉ-તેજિત કર્યા. એ રીતે જ્યારે **શ્વેતામ્બર** સમ્પ્રદાયના સાધુ **નિવૃત્તિ માર્ગથી**

હતી, કેવળ **પ્રવૃત્તિ માર્ગમાં** મગ્ન થઇ ગયા, મન્દિરોમાં ઉંચી ગાદીઓ લગાવી મન માન્યો અત્યાચાર કરવા લાગ્યા; જ્યોતિષ, વૈદ્યક, મંત્રજંત્રાદિ **પાખંડોમાં** પણ તન્મય બન્યા, ત્યારે એમાં **તપાગચ્છની અને ઢુંઢીઆની** ઉત્પત્તિ થઇ; તપાગચ્છે બાહ્ય ચારિત્રને ગૌણ કરીને લોકોને ધર્મના મુખ્ય અંગ તપ સંયમની તરફ આકર્ષ્યા અને ઢુંઢક **મતના સ્થાપક લોંકાશાહે** વિચાર્યું કે સાધુઓના અનાચારની અને પ્રવૃત્તિમય થવાની જડ જીનપ્રતિમા છે, તે માટે તેણે પોતાની બુદ્ધિ અનુસાર પ્રતિમા પૂજનનો નિષેધ કર્યો, પણ તેનો આ નિષેધ કરવો ઠીક નહી હતો. પરંતુ તે વખતે એમાં સંદેહ નહિ કે એ નિષેધથી પ્રતિમા પૂજકો ચેતી ગયા, અને તે દ્વારા જે અન્યાય થતો હતો, તે ઘણું ખરૂં બન્ધ થઇ ગયો. જે વખતે **વેદાનુયાયીઓમાં** જાતિ પાંતિનો ઝઘડો બહુજ બહુજ વધી ગયો અને ધર્મનો મુખ્ય અધિકાર ફક્ત **ક્રિયાકાંડમાં** મળી ગયો, શુદ્ર વગેરે જાતીઓથી લોકો અત્યંત કંટાળવા લાગ્યા તે વખતે **કબીરદાસ, દાદુ દયાળ, તુકારામ** વગેરે સાધુઓ ઉત્પન્ન થયા, અને એમણે હિંદુઓના મુખ્ય દોષોને મટાડવાને માટે પોતપોતાના પંથ સ્થાપ્યા. ઠીક, એજ પ્રકારથી જ્યારે **ભટ્ટારકોએ** પોતાના શિથિલાચારથી, ક્રિયાકાંડની અયત્નાચાર રૂપ પ્રવૃત્તિથી, અનેક અધિકારોના દુરૂપયોગથી, અને મુનિવેષના સર્વથા પરિત્યાગથી **વીતરાગ ભગવાનના માર્ગને** મલિન કરવાનું શરૂ કર્યું અને તે જ્યારે મનસ્વી વિદ્વાનોથી સહન નહિ થયું, ત્યારે તેમણે **તેરહપંથની** સ્થાપના કરી. આ પ્રમાણે અન્યધર્મો અને પંથની માફક સમયની પરિસ્થિતિ અને જરૂરતાજ તેરહપંથ ઉત્પન્ન થવાનું મુખ્ય કારણ સમજવું જોઇએ.

પં. બખતરામજી કૃત **બુદ્ધિ વિલાસ** ગ્રન્થમાં અનેક ગચ્છોનું વર્ણન કરતાં કહ્યું છે કેઃ—

इनही गच्छमें नीकस्यो, नूतन तेरहपंथ ।
सोलहसें तेरासीए, सो सब जग जानंत. ॥६३१॥

એથી માલૂમ પડે છે કે વિક્ર. **સંવત ૧૬૮૩ માં તેરહપંથની ઉત્પત્તિ થઇ.** તેરહપંથ કોઇ એવો જુદો પંથ નથી, કે જેણે પોતાના કોઇ ખાસ સિદ્ધાંત અને નિયમો વગેરેના ગ્રંથો બનાવ્યા હોય, એથી એની ઉત્પત્તિની તિથિ કે મિતિ નક્કી નથી, તોપણ ઉપલા દોહરાથી એમ માનવું જોઇએ કે સંવત્ ૧૬૮૩ માં એ પંથના અનુયાયી ૨૦૦–૪૦૦ શ્રાવકો થઇ ગયા હશે. જો કે તેરહપંથના જે વિચાર છે, તે વિદ્વાનોના મનમાં એ વખતે કંઇ અવ્યક્ત રૂપથી સ્થિર થયા હશે, જ્યારે કે ભટ્ટારકોમાં થોડો થોડો શિથિલાચાર ઘુસ્યો હતો, પણ તે વિચારો પ્રગટ થઇને કોઈ પુરૂષાર્થવાન વિદ્વાનદ્વારા ૧૬૮૩ ની લગભગજ કાર્યમાં પરિણત થયા હશે. અને એ સમયે ભટ્ટારકોનો શિથિલાચાર તથા અત્યાચાર અસહ્ય થઇ ગયો હશે. આગળ જેમ જેમ શિથિલાચાર વધતો ગયો અને તેના પ્રતિપક્ષી ભટ્ટારક પંથ અને વીસપંથ કમજોર થતા ગયા ! એ બન્નેની વધઘટ પાછલા ત્રણ સૈકાઓમાં એટલી થઇ કે હવે દિગંબર જૈનીઓનાં લગભગ અડધો ભાગ તેરહપંથના અનુયાયી છે.

જે લોકો પ્રાચીનતાનેજ સમીચીનતાની જડ સમજે છે, તે પોતાના પંથ અને ધર્મને પ્રાચીન સિદ્ધ કરવામાંજ પોતાનો ગૌરવ સમજે છે. તેઓ તેરહપંથને આધુનિક બતાવવાના કારણથી અમારા ઉપર

નાખુશ થશે, પણ આપણી સમાજમાં ગંદા પ્રાચીન બની જવા કરતાં અર્વાચીન પવિત્ર બનવું ઠીક છે! અને એ પણ વિચારવું જોઇએ કે તેરહપંથનો ઉદય સંવત્ ૧૬૮૩માં લગભગ થયો, તો શું એના ઉદય કરવાવાળાએ એ સમયે પોતાના કોઇ નવીન સિદ્ધાંતને સ્થાપિત કર્યો હતો? નહિ. **ભટ્ટારકો**દ્વારા વીતરાગ માર્ગમાં જે ખરાબીઓ ઉત્પન્ન થઇ હતી, તેને તેમણે દૂર કરવાને અને યથાર્થ માર્ગની પ્રવૃત્તિ કરવાનો નિશ્ચય કર્યો હતો. પછી તેરહપંથને અર્વાચીન પદ મળવાથી ખેદ કરવાની શી જરૂર છે?

પંચામૃત અભિષેક કરવો, પ્રતિમાના ચરણોમાં કેશર ચઢાવવું, સચિત્ર ફળ ફુલ ચઢાવવાં, ક્ષેત્રપાળ વગેરેની પૂજા કરવી વગેરે ક્રિયાકાંડ સંબંધી કેટલીક વાતોમાં તેરહપંથ અને વીસપંથમાં મતભેદ છે. વીસપંથી એ કાર્યો કરવા આવશ્યક સમજે છે, અને તેરહપંથી એનો નિષેધ કરે છે, પણ **તેરહપંથ અને વીસપંથનો પ્રધાન મતભેદ ભટ્ટારકની ઉપાસના**નું કારણ થયું છે, અને ભટ્ટારકોની ઉપાસના નહિ કરવી એ પક્ષ જે તેરહપંથીઓએ લીધો હતો, તેનું કારણ કેવળ ભટ્ટારકોનો શિથિલાચાર છે. બલ્કે એ શિથિલાચારની શંકાથીજ તેરહપંથીઓએ વીસપંથમાં પ્રચલિત પંચામૃત અભિષેકાદિ ક્રિયાઓનો નિષેધ કરી દીધો છે. આ લેખમાં અમે એ ચર્ચા કરવા ચાહતા નથી; કે વીસપંથમાં માન્ય અને તેરહપંથમાં નિષિદ્ધ ક્રિયાઓ સંબંધે શાસ્ત્રનો શું આધાર છે? પણ આ કહેવામાં કશું ખોટું નથી કે તેરહપંથીઓએ જે રીતે અનેક અનુચિત વાતોનો નિષેધ કરીને **શુદ્ધ આમ્નાયની પ્રવૃત્તિ કરી છે, તે પ્રમાણે ઘણી ઉચિત બાબતોનો ત્યાગ પણ કરી દીધો છે.** અને તેનું કારણ ભટ્ટારકોના શિથિલાચારની શંકા તથા પોતાના પક્ષની હદથી વધારે ખેંચ છે.

તાત્પર્ય એ કે **તેરહપંથ ઉત્પન્ન થવાનું** કારણ **ભટ્ટારકોનું અધ:પતન અને શિથિલાચાર છે.**

तेरहपंथे शुं कर्युं ?

જો કોઇ અમને ઉપલો પ્રશ્ન કહે, તો અમે તેનો સ્પષ્ટ શબ્દોમાં ઉત્તર આપીએ કે **તેરહપંથે જૈન ધર્મને બચાવી લીધો!!** જે રીતે ભટ્ટારકોએ પ્રારંભમાં જૈન ધર્મની ઘણી મોટી પ્રભાવના કરી હતી; અને તેને અનેક સંકટોથી બચાવ્યો હતો, તે રીતે તેરહપંથે ભટ્ટારકોના એકાધિપત્યથી નષ્ટ થતા જૈન ધર્મને મદદ આપી ઉભો રાખ્યો. જે સમયે ભટ્ટારકો ઉપર પ્રવૃત્તિએ પોતાનું મોહીનિ મંત્ર ફુંક્યું હતું અને તેથી મુગ્ધ થઇને સ્વર્ગીય નિવૃત્તિ માર્ગથી પતિત થઇને વાસનાની જાળમાં ફસાઇ પડયા હતા, તે સમયે વળી એક તરફ રાજકીય અશાન્તિથી સર્વ સ્થળે ઘોર અંધકાર છવાઇ રહ્યો હતો, બીજું ભટ્ટારકો પોતાના દોષો તરફ કોઇ જોઇ શકે નહિ અને અમારી સેવા પૂજામાં કાંઇ ન્યૂનતા નહિ આવે, એ **સ્વાર્થી વિચારથી** શ્રાવક સમુહમાં ધાર્મિક જ્ઞાનની વૃદ્ધિની કાંઇ પણ તજવીજ કરતા નહોતા, બલ્કે ધાર્મિક જ્ઞાનના '**શોલ એજંટ**' બની તેઓ શ્રાવકોને મનમાન્યા ભાવથી ધર્મનો વિક્રય કરવા લાગ્યા હતા. અને સર્વને જડ જેવા બનાવીને નિશ્ચીંત બની ગયા હતા. તેરહપંથનો સર્વથી મોટો ઉદ્યોગ ભટ્ટારકોના આ આચરણની વિરૂદ્ધ થયો. એણે શ્રાવકોને ચેતાવ્યા, અને શીખવ્યું કે એવા ગુરૂની અપેક્ષા ન કરીને પોતાની જાત ઉપર ઉભા થઇ જવાનું શીખો. ધાર્મિક જ્ઞાનની પ્રાપ્તિને માટે જો તમે સંસ્કૃત ન શીખી શકો, તો ન શીખો. અમે તમને તમારી ભાષામાંજ ધર્મના સિદ્ધાંત ભણવાનો માર્ગ સુગમ કરી આપીશું.

આ સંબંધી તેમણે એટલો ઉદ્યોગ કર્યો કે પાછલા ૨૦૦-૩૦૦ વરસોમાં હજારો જૈન ગ્રંથો જયપુર, આગ્રા વગેરેની સરળ ભાષાઓમાં બની ગયા, અને તેને ભણીને ઠેકઠેકાણે જૈન ધર્મ જાણવાવાળા શ્રાવકો દેખાવા લાગ્યા. જગ્યા જગ્યાએ શાસ્ત્ર સભા અને સ્વાધ્યાય સભા થવા માંડી અને સાધારણ ભણેલા પણ **ગોમટ્ટસાર** જેવા મહાન ગ્રંથની ચર્ચા સમજવા લાગ્યા; તે માટેજ અમે કહીએ છીએ કે તેરહપંથે જૈન ધર્મને બચાવી લીધો ! જે પ્રાંતોમાં ભટ્ટારકની સત્તા હજુ પણ છે, તે સાથે જો તમે તે પ્રાંતો કે જ્યાં ભટ્ટારકોની માન્યતા ન હોય અને તેરહપંથનું જોર હોય, તે સાથે મુકાબલો કરશો, તો જમીન આસમાનનો ફેર માલૂમ પડશે. ભટ્ટારકોના પ્રાંત ધાર્મિક જ્ઞાનથી શૂન્ય જણાશે, અને તેરહપંથના પ્રાન્ત ધર્મ ચર્ચાથી સિંચિત જણાશે; એથી આપને જણાશે કે તેરહપંથે શું કર્યું. ?

तारनपंथनी उत्पत्ति.

શ્વેતામ્બરીઓમાં ઢુંઢીઆના સમાન દિગંમ્બરીઓમાં પણ એક તારનપંથ નામનો પંથ છે, જે પ્રતિમા પૂજનનો નિષેધ કરે છે. એ પંથ વિક્રમના ૧૬ મા સૈકાની છેવટે ઉત્પન્ન થયો હતો, એવો પત્તા લાગે છે. જે રીતે **લોંકાશાહે** શ્વેતામ્બર યતિઓના શિથિલાચારથી ઉત્તેજીત થઇને પ્રતિમા પૂજનનો નિષેધ કર્યો હતો, તેજ પ્રમાણે સંભવ છે કે ભટ્ટારકોના શિથિલાચારથી દુ:ખી થઇને **તારનસ્વામીએ** દિગમ્બરીઓમાં પૂજનનો નિષેધ કર્યો હશે.

તારનપંથીના ગ્રંથો જોતાં માલૂમ પડે છે કે તેઓ વિદ્વાન નહોતા. ઢુંઢીઆના લોંકાશાહથી પણ એનું જ્ઞાન બહુજ થોડું હતું. અને તે માટે એના પંથે કશું જોર પકડયું નહિ, તોપણ એમનામાં અધ્યા-

તેમની રૂચી બહુ વધારે હતી, અને એથી વીતરાગના મંદીરમાં યત્નાચારથી રહિત નાના પ્રકારની આરંભ ક્રિયાઓ જોઇને, અભિષેકમાં દુધ દહીંના રેલા ચાલતા જોઇ અને ક્ષેત્રપાળાદિની ઉપાસનાનો ઠાઠ જોઇ એમને એ સુઝ્યું હશે કે આ આરંભ કાર્યોનું મૂળ પ્રતિમા પૂજન છે, માટે આ બખેડો મટાડી દઇએ ! અને તે વખતે પોતાના એ વિચારની પુષ્ટિમાં સમયસારનો નીચેનો દોહરો મળી ગયો હશેઃ-

लीन भयौ संसारमें, उकति न उपजे कोय, ।
दीन भयो प्रभुपद जपै, मुकति कहां तैं होय. ॥

એક કાર્યના સિદ્ધ થવામાં અનેક કારણકલાપોની આવશ્યક્તા થાય છે, તે પ્રમાણે તારનપંથની ઉત્પત્તિમાં બીજાં પણ અનેક કારણો હશે, એમ ના પાડી શકાતી નથી, તોપણ વિચાર કરતાં ભટ્ટારકોના શિથિલાચારને તારનપંથની સ્થાપનારૂપ એક કાર્યનું કારણ માનવામાં કશું ખોટું નથી. એ પ્રમાણે તેરહપંથની સમાન તારનપંથ પણ સ્થાપન કરવાનું કારણ ભટ્ટારકોનો શિથીલાચાર છે.

भट्टारक ग्रहस्थ छे के मुनि?

પૂર્વના અને વર્તમાન ભટ્ટારકોનું સ્વરૂપ બતાવ્યું. હવે એ વિચારીએ કે ધર્મના સાક્ષાત્ અને .પરમ્પરારૂપ **બે માર્ગ** છે **મુનિ માર્ગ** અને **ગૃહસ્થ માર્ગ**. એમાંથી ભટ્ટારક કયા માર્ગમાં ગણી શકાય છે ?

દિગંમ્બર સંપ્રદાયમાં મુનિઓનું અને ગૃહસ્થોનું જે સ્વરૂપ કહ્યું છે, અને જેનો વીસપંથી અને તેરહપંથી સર્વે સ્વીકાર કરે છે, તે અનુસાર જો કોઇને પૂછીએ કે ભટ્ટારક કોણ છે ? મુનિ કે ગૃહસ્થ અથવા અનગાર કે સાગાર ?

તો એ વિચારનો એમ ઉત્તર આપશે કે **ભટ્ટારક એક પ્રકારના ગૃહસ્થ છે,** કારણકે એનો પરિગ્રહથી સંસર્ગ છૂટયો નથી. એઓ મોટા પરિગૃહના રાખનાર હોય છે. જો કે પહેલાંના ભટ્ટારક વસ્ત્રાદિજ માત્ર પરિગ્રહ રાખતા હતા અને હવેના ભટ્ટારક તો લાખોપતિ જેવો પરિગ્રહ રાખે છે. એ અપેક્ષાએ એમના પરિગ્રહમાં ન્યુનાધિક્તા થઇ છે, પણ જ્યારે કેવળ એક લંગોટી રાખનાર અને બીજાં સર્વ આચરણ મુનિના જેવા રાખનાર **ઐલક** પણ શ્રાવકોમાંજ ગણાય છે, તો ભટ્ટારકોને ગ્રહસ્થ કેમ ન કહેવા ? એતો સાક્ષાત્ ગૃહસ્થ છે. હા, એક બીજી વાત છે કે સામાન્ય શ્રાવક કે ગૃહસ્થ અને એ એક નથી ગણી શકાતા, કારણકે સાધારણ ગૃહસ્થો કરતાં એમનું પદ ઉંચું મનાય છે. અને એમના આચરણો મુજબ પહેલાંથી લઇ સાતમી આઠમી પ્રતિમા સુધીની કલ્પના એમના પદ સંબંધમાં કરી શકાય છે.

ઠીક, એમ માનો કે એ (ભટ્ટારક) એક જાતના શ્રાવક છે, પણ એમને તો પુછી લો, કે તમે કોણ છો ? કેમકે એમને પુછયા વિના એકતરફી ફેંસલો કરવો એ ઠીક નહિ. એઓ તો કહે છે કે

"અમે દિગમ્બર સમ્પ્રદાયના મુનિ નથી, પણ આચાર્ય છીએ, અને ભગવાન કુન્દકુન્દાચાર્યની ગાદીના પરંપરાધિકારી છીએ. પંચમકાળના દોષાથી અમે વસ્ત્ર વગેરે પરીગ્રહ ધારણ કર્યો છે, પણ ખરી રીતે તો અમે દિગંબર મુનિ છીએ ! એમની ઘણી ક્રિયાઓ પણ એવી છે કે એમને ગૃહસ્થની પંક્તિમાં પણ બેસાડવા ઠીક લાગતું નથી. જ્યારે કોઇ પુરૂપને ભટ્ટારકની **દિક્ષા** અપાય છે, ત્યારે તેને **કેશલોંચ** કરવો પડે છે. અને **નગ્ન** પણ થવું પડે છે. હજુ પણ ઘણા ખરા ભટ્ટારક **દર વરસે**

એકવાર નગ્ન થવાની ક્રિયા કરે છે. ભોજન વખતે પણ ઘણાક ભટ્ટારક નગ્ન થાય છે. **એથી** તેઓ મુનિ પણ જણાય છે **અને** હમેશાંજ પોતાને મુનિ સમજતા આવ્યા છે. **ઇડરના ભંડારમાં** એક પ્રાચીન તથા જીર્ણ પુસ્તક છે, તેમાં **ભટ્ટારક** દિક્ષાની **વિધિ** લખી છે, તેનો થોડો ભાગ જે અમારી પાસે **પં. નંદનલાલ અધ્યાપકે** મોકલ્યો છે, એથી જણાય છે કે **અગાઉ ગૃહસ્થ** કે **શ્રાવકને ભટ્ટારકની દિક્ષા અપાતી નહોતી**, પણ કોઇ યોગ્ય **મુનિની તલાશ કરીને તેને ભટ્ટારક પદપર પ્રતિષ્ઠિત કરતા હતા,** તેને **સુરિમંત્ર** આપતા હતા, અને તેમાં આચાર્યના ગુણોનું આરોપણ કરતા હતા. એ સિવાય એમાં ભટ્ટારકને માટે **ધર્માચાર્યાધિપતિ, મુનિ લબ્ધાચાર્યપદ, જીન ધર્મોદ્ધરણધીર** વગેરે વિશેષણ પણ આપેલાં છે, તેથી સાફ જણાય છે કે ભટ્ટારક વાસ્તવીક રીતે ગૃહસ્થ નહિ, પણ મુનિ કે આચાર્ય છે, અને ઓછામાં ઓછું એ પંથના લોકો જેમણે ભટ્ટારકોને પોતાના ધર્મગુરૂના રૂપમાં સ્વીકાર્યા છે, તેઓ પ્રારંભથી આજ સુધી એમને **મુનિ** કે **આચાર્યજ** માનતા આવ્યા છે; **નન્દિસંઘ, સેનસંઘ,** આદિની જે **ગુર્વાવલી** કે **પટ્ટાવલી** છે, તેમાં પણ પુર્વે ગુરૂઓની પરમ્પરાથી ભટ્ટારકોની પરમ્પરા મેળવાઇ ગઇ છે, અને એનું નામકરણ પણ પૂર્વ ગુરૂઓના સમાનજ રખાય છે, જેમ ગુણચન્દ્ર, રત્નકીર્તિ, વીરસેન, સુરેન્દ્રભૂષણ વગેરે વગેરે.

ભટ્ટારક દિક્ષા વિધાનથી અને ભટ્ટારકોના ઇતિહાસથી **એ** વાત તો જરૂર જણાય છે કે દેશ કાળની પ્રતિકુળતાથીજ

મુનિઓ કે આચાર્યોના સ્થાનમાં ભટ્ટારકોની સ્થાપના કરાઇ ગઇ હતી, અને સમાજના બહુજ મોટા ભાગે આ સુધારો કે ફેરફાર સ્વીકાર્યો હતો, પરંતુ એ વિષયનું પ્રતિપાદન કે વિવેચન કોઇ ભટ્ટારક કે અન્ય વિદ્વાને કરેલું જણાતું નથી. એ માર્ગ શાસ્ત્રોક્ત કેમ થઇ શકે? જે રીતે શ્વેતામ્બર આચાર્યોએ વસ્ત્રાદિ છતાં પણ મુનિપણું સિદ્ધ કર્યું છે. અને એ વિષયના અનેક ખંડન મંડન યુક્ત ગ્રંથો પણ રચ્યા છે!! એજ પ્રમાણે ભટ્ટારકોએ પોતાના બચાવનો ગ્રંથ બનાવેલો સાંભળાયો કે જણાતો નથી; હાલ આપણા સંપ્રદાયમાં જે ગ્રંથોનો વિશેષતાથી પ્રચાર છે અને જેની વિશેષ માન્યતા છે, એમાં તો જગે જગે એવું વાક્ય મળે છે, કે જેથી ભટ્ટારક પદની અશાસ્ત્રોક્તતાજ સિદ્ધ થાય છે. બલ્કે એ પદ ગૃહસ્થોના સાધારણ પદથી પણ નીચું અને અપુજ્ય કરે છે, જેનાં કેટલાંક પ્રમાણો નીચે મુજબ છે—

वालग्गकोडिमत्तपरिग्गहगहणो ण होई साहूणं ।
भुंजेइ पाणिपत्ते दिण्णण्णं एक्कठाणम्मि ॥ १७ ॥
जहजायरूवसरिसो तिलतुसमितं ण गहदि अत्थेसु ।
जइ लेइ अप्पवहुअं तत्तो पुण जाइ णिग्गोदं ॥ १८ ॥
जस्स परिग्गहगहणं अप्पं बहुयं च हवइ लिंगस्स ।
सो गरहिउ जिणवयणे परिगहरहिओ निरायारो ॥१९॥

(सूत्र पाहुड)

અર્થાત:—સાધુઓની પાસે વાળ જેટલો પણ પરિગ્રહ હોતો નથી. એ એક સ્થાને ઉભા રહી શ્રાવકોદ્વારા અપાયેલો ખોરાક પોતાના હાથમાં રાખી ખાઇ લે છે. ॥૧૭॥ જન્મથી બાળકની પેઠે નગ્ન દિગંબર રૂપ ધારણ કરનાર સાધુ તલ માત્ર પરિગ્રહ ધરણ કરતા નથી. જો જરાતરા પરિગ્રહ રાખે તો નિગોદ ગતિમાં જાય છે. ॥૧૮॥ જે લિંગ કે વેષમાં થોડો ઘણો પરિગ્રહ ગ્રહણ કરે છે. તે લિંગને જીન વચનમાં ગર્હિત એટલે નીન્દનીય બતાવ્યું છે, કારણકે પરિગ્રહ રહિતજ નિરાગાર કે મુનિ હોય છે. ॥ ૧૯ ॥

णवि सिज्झइ वच्छधरो जिणसासणे जहवि होइ तिच्छयरो।
णग्गो वि मोक्खमग्गो सेसा उम्मग्गया सव्वे ॥ २३ ॥

અર્થાત:—ચાહે તિર્થંકર પણ હો, પણ જો વસ્ત્ર સહિત તે હોય તો મુક્ત થઇ શકે નહિ, કારણ કે **નગ્ન દિગંબરજ એક મોક્ષ માર્ગ** છે. બાકી સર્વેજ ઉન્માર્ગ છે. ॥ ૨૩ ॥

सूत्तत्थपयाविणट्ठो मिच्छादिट्ठी मुणेयव्वो।
खेडे वि ण कायव्वं पाणियपत्तं सचेलस्स ॥ ७ ॥
णिच्चेलपाणिपत्तं उवइट्ठं परमजिणवरिंदेहिं।
एक्को वि मोक्खमग्गो सेसा य अमग्गया सव्वे ॥१०॥

(सूत्र पाहुड)

અર્થાત—જો કોઇ સૂત્રના અર્થ અને પદથી વિનષ્ટ છે, અર્થાત્ એનાથી વિપરીત પ્રવર્તે તો તેને **મિથ્યાદૃષ્ટિ** જાણવા જોઇએ, ॥૭॥ એ માટે વસ્ત્રધારી મુનિએ કૌતુક માત્રથીજ દિગંબર મુનીના સમાન હાથપર ભોજન ન કરવું જોઇએ. વસ્ત્ર ન ધારણ કરવા, **પાણીપાત્ર** અર્થાત્ હાથ પર રાખી ભોજન કરવું, એજ અદ્વીતીય મોક્ષ માર્ગ જીનેંદ્રદેવે બતાવ્યો છે, બાકી બધા અમાર્ગ છે. ॥ ૧૦ ॥

जे जिणलिंगधरे वि मुणि, इट्ठपरिग्गह लिंति ।
छद्दिकरे वि णु तेवि जिय, सो पुण छद्दि गिलंति ॥२१७॥
केणवि अप्पा वंचियउ, सिरलुंचवि छारेण ।
सयलवि संगह परिहरिय, जिणवरलिंगधरेण ॥२१६॥

(परमात्मप्रकाश)

અર્થાત:—હે જીવ, જે મુનિ લિંગને ધારણ કરીને ઇચ્છા મુજબ પરિગ્રહને ધારણ કરે છે, તે વામિટ કરીને પછી તેજ વામીટને ખાય છે. ॥૨૧૭॥ કયા જીવથી આત્મા ઠગાઇ ગયો ! જેણે જીનવરનું લિંગ ધારણ કરીને અને રાખથી મસ્તકનો લોચ કરીને સમસ્ત પરિગ્રહનો ત્યાગ ન કર્યો. ॥૨૧૬॥

जे पंचचेलसत्ता गंथग्गाही य जायणासीला ।
आधाकम्ममि रया ते चत्ता मोक्खमग्गम्मि ॥ ७९ ॥

(मोक्षपाहुड)

અર્થાત્‌ :—જે પાંચ પ્રકારના વસ્ત્રોમાં આસક્ત છે, પરિગ્રહના ગ્રહણ કરવાવાળા છે, યાચના સહિત છે અને અધોકર્મ વગેરે દોષોમાં લીન છે તે **મોક્ષ માર્ગથી ભ્રષ્ટ છે.**

विषयाशावशातीतो निरारम्भोऽपरिग्रहः ।
ज्ञानध्यानतपोरक्तस्तपस्वी स प्रशस्यते ॥

(रत्नकरंड श्रावकाचार)

અર્થાત્‌ :—જે વિષયોની આશાથી રહીત છે. આરંભ અને પરિગ્રહ જેને નથી, એને જે. જ્ઞાન, ધ્યાન તથા તપમાં લીન છે, તેજ તપસ્વી પ્રશંસાપાત્ર છે.

ઇત્યાદિ પ્રમાણોથી સ્પષ્ટ જણાય છે કે દિગંબર સમ્પ્રદાયની ધર્મ પદ્ધતિ અનુસાર ભટ્ટારક, મુનિઓની કે આચાર્યોની ગણત્રીમાં કદી પણ આવી શકે નહિ, અને એને માનવા, પુજવા પણ દુષિત ઠરે છે.

કોઇ લોકો કહે છે કે **ભટ્ટારક** મુનિ નથી, પણ **ગૃહસ્થાચાર્ય** છે, પણ તે કેવળ એક કલ્પના છે. અને એની ઉત્પત્તિ ઘણા ભટ્ટારકોને પ્રતિષ્ઠાદિ કાર્ય કરાવતાં, વ્રત વિધાનાદિ બતાવતાં તથા શ્રાવકોના પંચાયતી ઝગડામાં પડતાં જોઇને થઇ છે. ખરેખર ગૃહસ્થાચાર્યનાં લક્ષણ ભટ્ટારકોથી ઘટીત થતાં નથી. ઇન્દ્રનન્દિકૃત **નીતિસારમાં** ગૃહસ્થાચાર્યનું લક્ષણ અમે જોયું છે, પણ આ વખતે એ ગ્રંથ ન રહેવાથી અમે એ અહિં લખી શકતા નથી.

हवे भट्टारकोंनी जरूर छे के नहि ?

હવે એ વાતનો વિચાર કરીએ કે વર્તમાન સમયમાં ભટ્ટારકોની જરૂર છે કે નહિ ? મારી સમજ પ્રમાણે જેમ દેશને સુખરૂપ ચલાવવા માટે રાજકીય ધુરંધરો **(રાજાઓ)** ની હમેશાં જરૂર રહે છે, તેમજ **ધર્મરથને સુવ્યવસ્થિત પદ્ધતિથી ચલાવવા માટે ધર્મોપદેશકોની જરૂર રહેછેજ**. પૃથ્વીમાં હાલ જેટલા ધર્મ પ્રચલિત છે, તે સર્વેમાં **ધર્મ ગુરૂ** (ધર્મોપદેશક) મોજુદ છે, અને તેઓ પોતપોતાના ધર્મના પ્રધાન સંચાલક ગણાય છે. ગુરૂઓની નિયુક્તિ જેમ દરેક ધર્મમાં પ્રાચીન કાળથી જરૂરની ગણાતી આવી છે, તેજ પ્રમાણે હાલ પણ છે. **સમયમાં અને જૈન સમાજમાં અસાધારણ પરિવર્તન થઇ જવા છતાં પણ તેની જરૂરીઆત ઓછી થઇ નથી.** જો કોઇ એમ સમજે કે, જે ધર્મના લોકોમાં જ્ઞાનવાળા (શિક્ષિત) માણસો ઓછા અને અજ્ઞાની વધારે હોય, તેજ ધર્મમાં **ગુરૂઓ અને ઉપદેશકોની** જરૂર છે અને શિક્ષિતોમાં નહિ, તો તે **ભૂલ** છે. ઇંગ્લંડ, અમેરિકા, જર્મની વગેરે પાશ્ચાત્ય દેશોમાં અશિક્ષિતો નામ માત્રજ છે, તોપણ ત્યાંના ઇસાઇ ધર્મમાં પાદરીઓની **આવશ્યક્તા ઓછી થઇ નથી.** હાલ પણ ખ્રિસ્તિઓમાં પાદરીઓની સત્તા કોઇએ છીનવી લીધી નથી અને ભવિષ્યમાં કોઇ છીનવી લે એવું જણાતું નથી.

ભાવિક પ્રવૃત્તિ સંસારની તરફ વહે છે. તે પાછળ ગુજરાનનો પ્રપંચ એવો લાગેલો છે કે એને ચલાવવા માટે એને જીવનનો મોટો

ભાગ આપવો પડે છે, તેમને એટલો અવકાશ નથી મળી શકતો કે તેઓ ઐહિક પ્રપચોની સમાન પારલૌકિક કાર્યોમાં પણ પોતાના સમયનો વ્યય કરી શકે. મુખ્યત્વે કરી તેઓ ઐહિક કાર્યોનાજ સમ્પાદક છે. અને એ નિયમ છે કે જ્યાં સુધી કોઇ કાર્યની તરફ કોઇ પૂરેપરૂં લક્ષ ન લગાડે, ત્યાં સુધી તે કાર્યનું સમ્પાદન સમ્યક રીતિથી થઇ શકતું નથી, માટે સાધારણ જૈન સમાજ કોઇ એ વાતની આશા કરે કે એ ઐહિક કાર્યોની સમાન ધાર્મિક કાર્ય પણ સારી રીતે પાર પાડી શકાશે, તો એ એમનો ભ્રમ છે.

ધાર્મિક કાર્યોને સારી રીતે ચલાવવા માટે એવા લોકોની જરૂરીઆત છે, કે જેઓ પોતાનો સમય ધર્મતત્ત્વોના અનુસંધાન અને સંપાદનમાંજ ખરચી શકે. જેમ જ્યોતિષ, વૈદક, વિજ્ઞાન, વગેરે વિષયોના પુર્ણ વિદ્વાન થવાને માટે આ વાતની આવશ્યકતા છે કે એક પુરૂષ એકજ વિષયમાં પોતાની બધી શક્તિઓને તથા બધા સમયને લગાડે છે તે પ્રમાણે ધર્મનું જ્ઞાન પ્રાપ્ત કરવાને માટે એ પણ જરૂરનું છે કે—એમાં પુરૂષ પોતાનું બધું જીવન વ્યતિત કરી દે. આથી સિદ્ધ થયું કે પ્રત્યેક ધર્મમાં એક એવો વર્ગ હોવો જોઇએ, કે જે કેવળ ધાર્મિક હોય, અને જેનું જીવન કેવળ ધર્મથી સંબંધજ રાખવાવાળું હોય.

જૈન ધર્મની કેલવણીનો પ્રચાર કરવાને માટે જૈન સમાજ તરફથી હાલમાં ઘણો પ્રયત્ન થઇ રહ્યા છે. અને તેથી ઘણા જૈનો ધર્મના જ્ઞાતા તૈયાર થઇ રહ્યા છે, તોપણ તેઓ લખી વાંચીને તૈયાર

બને છે કે તરતજ સાંસારિક ચિન્તા તેમનાપર આવી પડે છે. અને આગળ તેમને પોતાનો સમય જીવિકાદિ(ગુજરાન)ના કાર્યમાંજ લગાવવો પડે છે, તેથી તેનું ધર્મજ્ઞાન નકામું જેવું થાય છે. અને તેનાથી ધર્મનો ઉપકાર પણ સારી રીતે થઇ શકતો નથી, તેથી એવા માણસોની ઘણી જરૂર જણાય છે કે જેઓ જીંદગી સુધી **જૈન ધર્મનું અધ્યયન, મનન તથા પરિશીલન** કરે, અને સાધારણ જૈન સમુદાય, જે કેવળ ઐહિક પ્રપંચોમાં લપટાઇ રહે છે, તેમને ધર્મનો ઉપદેશ આપી તેમનું જીવન અધર્મમય ન થવા દે. એ લોકો ચાહે **ભટ્ટારક** હોય, ચાહે **મુનિ** હોય, ચાહે **ઉપદેશક** હોય, અને ચાહે એથી જુદા અથવા ચાહે કંઇ નવા નામધારી હોય. વળી બીજી બાબત એ છે કે સાધારણ જૈન સમાજ ઉપર જેટલો આ વર્ગનો પ્રભાવ પડે છે, તેટલો એ વર્ગનો પડતો **નથી** કે જેનું જીવન કેવળ પ્રવૃત્તિમય છે. અને એવા પ્રભાવ વિના જે ધાર્મિક સંસ્થાઓની દરેક સમયમાં આવશ્યક્તા રહ્યા કરે છે, અને જેથી ધર્મ પ્રચારમાં અસાધારણ સહાયતા મળે છે, તેની સ્થાપના થઇ શકતી નથી. આપણા સમ્પ્રદાયમાં ધાર્મિક સંસ્થાઓ બીજા ધર્મવાળા કરતાં ઓછી છે, તેનું કારણ એક એ પણ છે કે આપણામાં આ પ્રભાવશાળી વર્ગ સર્વથી ઓછો છે. બલકે એમજ કહેવું જોઇએ કે એક પ્રકારનો અભાવજ છે.

स्वरुप परिवर्तन.

એ તો નિશ્ચય થઇ ગયો કે જૈન સમાજને માટે ભટ્ટારકોની અથવા એમના જેવા એક વર્ગની જરૂર છે, પરંતુ એ વિચાર બાકી છે કે

વર્તમાનમાં જે ભટ્ટારક છે, તેનાથી આપણી ધાર્મિક આવશ્યકતા પુરી થશે કે તેને બદલે કોઈ નવી યોજના કરવી પડશે.

મારી સમજમાં એ વાતનો સંભવ જણાતો નથી કે લોકો, ભટ્ટારકોને તેના હાલના સ્વરૂપમાં ધર્મગુરૂ તરીકે સ્વીકારી લે, કારણકે દિગંબર સંપ્રદાયમાં જે ગ્રંથોની માન્યતા છે, તે અનુસાર એટલે પહેલાં કહ્યું તેમ **ભટ્ટારકનું પદ ગૃહસ્થોની કે મુનિઓની શ્રેણીમાં આવી શકતું નથી,** જો કે વીસપંથી ભાઇઓ, જેની સંખ્યા લાખોની છે, તેઓ હાલ પણ એમને પોતાના ધર્મગુરૂ તરીકે માને છે, પરંતુ એમ સમજવું જોઇએ નહી, કે તેઓ એના (ભટ્ટારકનાં) ચરિત્રોથી સંતુષ્ટ છે! એઓ પણ જરૂર ચાહે છે કે ભટ્ટારકોના સ્વરૂપમાં કાંઇ ફેરફાર થવો જોઇએ, એ સિવાય વીસપંથીઓમાં જે સમજુ છે, ધર્મના જ્ઞાની છે, ભોળાભક્ત નથી તે તેમને મુનિ સમજીને ગુરૂ તરીકે માનતા નથી, અર્થાત્ તેઓ **ગુરૂના સ્વરૂપને અન્યથા કલ્પિત કરતા નથી, પણ ધર્મના એક સંચાલક, પ્રચારક, કે ઉપદેશક** સમજી એમનો સત્કાર કરે છે, તેથી જો **ભટ્ટારકોના સ્વરૂપમાં ઉચિત ફેરફાર** થાય અને શાંતિથી તેનો અભિપ્રાય સર્વ સાધારણમાં પ્રકટ કરવામાં આવે, તો **હમારી સમજ પ્રમાણે એમને તેરહપંથી** કે જે એમને ભેષી કે કુલિંગી સમજે છે અને **વીસપંથી જે એમને શાસ્ત્રોક્ત નહિ, પણ કામચલાઉ ગુરૂ માને છે, તે બન્ને એમનો સ્વીકાર કરી લેશે.**

स्वरुप परिवर्तन केवी रीते करवुं ?

હવે પ્રશ્ન એ ઉત્પન્ન થાય છે કે એ સ્વરૂપપરિવર્તન કેવું કરવું ? એ માટે અમને એકજ યુક્તિ જણાય છે. કે ભટ્ટારકો પોતાને મુનિ નહિ, પણ **સાતમી** કે **આઠમી પ્રતિમાના ધારી ગૃહસ્થ** તરીકે ગણાવે અને સર્વ લોકો પણ તેમજ સમજે એમનો આદર **સત્કાર કરે. એઓ દિક્ષા સમયે** કેશોત્પાટન (કેશલોચ) તથા નગ્નાદિ થવાની ક્રિયા કરે છે તે નહિ કરે. કારણ કે પછીથી તે ક્રિયાઓ લગભગ પાળતાજ નથી, માટે કેવળ માત્ર **બ્રહ્મચર્ય પ્રતિમાનીજ દિક્ષા** આપવી અને તે સાથેજ એમનો પરિગ્રહ જે બેહદ વધી ગયો છે, તે ટુંકો કરી નાંખવો અને પ્રવૃતિ, જે વધી ગઇ છે, તે સંકુચિત કરવી. **નામ** એમનું **ભટ્ટારકજ** રાખવું અને લોકો એમને પોતાના ગૃહીગુરૂ સમજે. વળી **એ પદની** દિક્ષા **એવાનેજ અપાય કે જે વિદ્વાન હોય, જેને સંસારથી** વિરક્તતા **થઇ** ગઇ **હોય, અને જે ભુક્ત ભોગી** હોય. **અવિવાહીત અને અનુભવહીન** બાળક તથા યુવાનને આ જોખમના પદને માટે પસંદ કરવા જોઇએ નહિ.

અમને વિશ્વાસ છે કે કટ્ટા તેરહપંથી અને ભોળા વીસપંથી બન્ને ભાઇઓ આ પરીવર્તનનું અનુમોદન કરશે, બલ્કે આ માર્ગ ચાલુ થઇ ગયો, તો વીસપંથ અને તેરહપંથમાં જે વૈમનસ્ય વધી ગયું છે, તે ઓછું થવા માંડશે અને ધીમે ધીમે બન્ને એક થઇ જશે.

આ વિષયમાં **એક શંકા** એ થાય છે કે જો પરિવર્તનજ કરવું છે, તો **એવું** કેમ **ન** કરવું કે ભટ્ટારકને ફરીથી દિગંબર મુનિજ બનાવી દેવા, પરંતુ સમય જોતાં એ વાત સાધ્ય જણાતી નથી. હવે પૂર્વના જેવા **દિગંબર મુનિઓનો ફરીથી પ્રાદુર્ભાવ થવો કઠિન** છે. અને જો થાય તો તેઓ ભટ્ટારક પદનો કેમ સ્વીકાર કરશે? જેથી આપણે આપણા લાભને માટે સંસ્કારીત કરવા ઇચ્છીએ છીએ. **બીજી શંકા** એ થાય છે કે હજુ આપણા નામ માત્ર દિગંબર ગુરૂ તો છે આ પરિવર્તનથી એનો પણ લોપ થઇ જશે. અને પછી આપણે નિગુરા રહી જઇશું. એનું સમાધાન એ છે કે જો પરિગ્રહી પુરૂષોનેજ ગુરૂ માનવા છે, તો પછી એ સાતમી આઠમી પ્રતિમાના ધારી હશે, તેમાં શું ખોટું છે? એમને ગુરૂ માનવાને માટે કોણ રોકે છે? અને જો પ્રત્યક્ષમાં આપણા દુર્ભાગ્યથી દિગંબર મુનિ નથી, પણ આપણા ગ્રન્થોમાં તો એનું સ્વરૂપ લખ્યું છે, તો પછી આપણે નિગુરા કેમ? પ્રત્યક્ષ પણ અપભ્રષ્ટ આદર્શની અપેક્ષાએ તો **પરોક્ષ પણ સાચો આદર્શ ઘણો સારો** છે. એ પરોક્ષથી પણ આપણે આપણો ઘણો ઉપકાર કરી શકીએ છીએ.

ત્રીજી શંકા એ છે કે ભટ્ટારકોના એ પરિવર્તિત સ્વરૂપથી પહેલાં જેવો એમનો પ્રભાવ નહિ પડે, પરંતુ એ ભ્રમ છે. જેમણે શ્રીમાન ત્યાગી **ઐલક પન્નાલાલજી**ની પ્રભાવના જોઇ છે, તેમના ચિત્તમાં એ શંકા કાંઇપણ ખરી લાગશે નહિ. જેઓ ભટ્ટારકોના પરિવર્તિત સ્વરૂપને ધારણ કરશે, તેમનું ચરિત્ર નિર્મલ અને શાસ્ત્રોક્ત હશે, તથા એમાં પાંડિત્ય, તથા પરોપકારદક્ષતા હશે, તો નક્કી સમજવું કે એવા વર્તમાન ભટ્ટારકોથી ઘણોજ પ્રભાવ પડશે અને સર્વ લોકો એમની આગળ માથું નમાવશે.

स्वरुप परिवर्तनथी लाभ.

૧ સંસ્કારિત ભટ્ટારકોના પરિવર્તનથી જેટલાં પટ્ટસ્થાન છે તે સર્વ જૈનીઓનાં **વિદ્યાપીઠ** બની જશે, એટલે કે જેટલી ગાદી છે તે સર્વેના અધિકારમાં મોટાં મોટાં પ્રાચીન પુસ્તકાલયો **(શાસ્ત્ર ભંડારો)** છે, તે સર્વ વ્યવસ્થીત પ્રબન્ધયુક્ત થવાથી જૈનોનો અપાર ઉપકાર કરશે. પ્રત્યેક ગાદીને તાબે **લાખોનું ધન** છે, અને **હજારો રૂપીઆની આવક** છે. જો ઉદ્યોગ કરવામાં આવશે, અને સંસ્કારિત ભટ્ટારક ચાહશે, તો તે એ દ્વારા પ્રત્યેક પટ્ટસ્થાનપર **વિદ્યાલય** અને બ્રહ્મચર્યાશ્રમને સ્થાપી **વિદ્યાનો ઘણો ફેલાવો** કરી શકશે.

૨ ગુજરાત, વાગડ વગેરે પ્રાંતોમાં ભટ્ટારકોએ પોતાના સ્વાર્થ સાધનને માટે ઘોર અંધકાર ફેલાવી મુકયો છે, તે એ પટ્ટોનો સંસ્કાર થવાથી ત્યાં **જ્ઞાનનો પ્રકાશ** ફેલાશે. અને **ધર્મની જાગૃતિ** થઇ ત્યાં વર્તમાન સમયને અનુરૂપ **અનેક સંસ્થાઓનું બીજારોપણ** થઇ જશે.

૩ ઉત્તર હિંદુસ્થાનના કંઇક પ્રાચીનપટ્ટો જે નકામા સમજી ઉઠાવી દીધા છે અથવા ખાલી પડેલા છે તે ભરી શકાશે, અને તે દ્વારા તે પ્રાંતોમાં **ધર્મોપદેશ** આદિ થવા માંડશે.

૪ તેરહપંથ અને વીસપંથની **ખેંચાખેંચ** એ વિદ્વાન ભટ્ટારકોના **શાસ્ત્રોક્ત ઉપદેશથી** તથા નિષ્પક્ષ પ્રયત્નથી ઓછી થશે, અને બંને પંથના ભાઇઓ એકત્ર થઇ ધર્મ સંબંધી કાર્ય કરવા માંડશે.

૫ વર્તમાન સમયની **કોન્ફરંસ** (સભા), સોસાઇટીઓ, **સરસ્વતી ભંડારો**, અનાથાલયો વગેરે સર્વે ઉપયોગી સંસ્થાઓને એમના પ્રયત્નથી **સર્વે પ્રકારની સહાયતા** મળવા માંડશે.

૬ હાલના ઘણાખરા ભટ્ટારકો જે ઘણા ભોળા ભાઇઓપર ઘણો અન્યાય કરી રહેલા છે, અને મનમાનતો માર્ગ ચલાવી રહ્યા છે, મનમાન્યો અત્યાચાર કરે છે, તેથી સમાજનો પિંડ છૂટી જશે અને લોકોને આર્થિક હાનિ ખમવી પડે છે તે દૂર થશે.

उपसंहार.

આશા છે કે અમારા વાંચકોએ આ લેખ અથથી ઇતિ સુધી ધ્યાનપૂર્વક વાંચ્યો હશેજ. જેણે ન વાંચ્યો હોય, તેમને પ્રાર્થના છે કે આખો લેખ એક વખત ફરીથી જરૂર વાંચવો અને એ સંબંધમાં દરેકે પોતાનો **અભિપ્રાય** નક્કી કરીને આપણા પત્રોદ્વારા સર્વમાં પ્રસિદ્ધ કરવો. જો આ લેખમાં કોઇ વિચાર અયોગ્ય પ્રસિદ્ધ થયો હોય, તો એનું સપ્રમાણ ખંડન લખવું, નહિતો અનુમોદન કરીને આ **ઉપયોગી પ્રસ્તાવને** સંમતિ આપવી.

હાલ સાંભળવામાં આવ્યું છે કે ઇડરના **ભટ્ટારકની ગાદી** જે કે પંદરેક વર્ષથી ખાલી છે, તે તાકીદે ભરાવાની છે. તેમજ **મલખેડ**ની તરફ એક બીજા સ્થાનની ગાદીને માટે પણ મહેનત થયા કરે છે. જો આ પ્રસંગે આ **સ્વરૂપ પરિવર્તનનો પ્રસ્તાવ** સર્વને માન્ય થઇ જાય, અને સમાજના **અગ્રેસરો** એ ખાલી ગાદીઓ, ઉપર જણાવ્યા મુજબના **નવીન પ્રકારના ભટ્ટારકોથી** શોભાવે અને આ નવીન ઉપયોગી પરિવર્તનની શરૂઆત કરી દે ,તો જૈન ધર્મનું અનેકઘણું હિતસાધન થાય. તથાસ્તુ.

" जैन हितैषी " (હિંદી માસિક ઉપરથી ગુજરાતી અનુવાદ.)

इडरनी मुळसंघी गादीना भट्टारकोनी नामावली.

૧ શ્રી ભદ્રબાહુ,	૨ શ્રી ગુપ્તિગુપ્ત	૩ શ્રી માઘનન્દી
૪ શ્રી જિનચન્દ્ર	૫ શ્રી પદ્મનન્દી	૬ શ્રી ઉમાસ્વામી
૭ શ્રી લોહાચાર્ય	૮ શ્રી જશકીર્તિ	૯ શ્રી દેવનન્દી
૧૦ શ્રી ગુણનન્દી	૧૧ શ્રી વજ્રનન્દી	૧૨ શ્રી કુમારનન્દી
૧૩ શ્રી લોકચંદ્ર	૧૪ શ્રી પ્રભાચન્દ્ર	૧૫ શ્રી નેમીચન્દ્ર
૧૬ શ્રી અભયનન્દી	૧૭ શ્રી સીંહનન્દી	૧૮ શ્રી વસુનન્દી
૧૯ શ્રી વીરનન્દી	૨૦ શ્રી માઘનન્દી	૨૧ શ્રી માણિકનન્દી
૨૨ શ્રી મેઘચન્દ્ર	૨૩ શ્રી શાન્તિકીર્તિ	૨૪ શ્રી મેઘકીર્તિ
૨૫ શ્રી પદ્મકીર્તિ	૨૬ શ્રી વિનયકીર્તિ	૨૭ શ્રી ભૂષણકીર્તિ
૨૮ શ્રી શીલચન્દ્ર	૨૯ શ્રી નન્દીકીર્તિ	૩૦ શ્રી દેશભૂષણ
૩૧ શ્રી અનન્તકીર્તિ	૩૨ શ્રી ધર્મચન્દ્ર	૩૩ શ્રી વિદ્યાનન્દી
૩૪ શ્રી રામચન્દ્રજી	૩૫ શ્રી નાગચન્દ્ર	૩૬ શ્રી નયચન્દ્ર
૩૭ શ્રી હરીચન્દ્ર	૩૮ શ્રી મહીચન્દ્ર	૩૯ શ્રી માઘચન્દ્ર
૪૦ શ્રી લક્ષ્મીચન્દ્ર	૪૧ શ્રી ગુણકીર્તિ	૪૨ શ્રી વિમલકીર્તિ
૪૩ શ્રી લોકચન્દ્ર	૪૪ શ્રી શુભચન્દ્ર	૪૫ શ્રી શુભકીર્તિ
૪૬ શ્રી ભાવચન્દ્ર	૪૭ શ્રી મહીચન્દ્ર	૪૮ શ્રી માઘચન્દ્ર
૪૯ શ્રી બ્રહ્મચન્દ્ર	૫૦ શ્રી શીવનન્દી	૫૧ શ્રી વીરચન્દ્ર
૫૨ શ્રી હરીચન્દ્ર	૫૩ શ્રી ભાવનન્દી	૫૪ શ્રી સુરેન્દ્રકીર્તિ

૫૫ શ્રી બિદ્યાચન્દ્ર	૫૬ શ્રી સૂરચન્દ્ર	૫૭ શ્રી માઘનન્દી
૫૮ શ્રી...નન્દી	૫૯ શ્રી ગંગનન્દી	૬૦ શ્રી હેમકીર્તિ
૬૧ શ્રી ચારૂકીર્તિ	૬૨ શ્રી મેરૂકીર્તિ	૬૩ શ્રી નાભિકીર્તિ
૬૪ શ્રી નરેન્દ્રકીર્તિ	૬૫ શ્રી ચન્દ્રકીર્તિ	૬૬ શ્રી પદ્મકીર્તિ
૬૭ શ્રી વર્દ્ધમાન	૬૮ શ્રી અકલંક	૬૯ શ્રી લલિતકીર્તિ
૭૦ શ્રી કેશવચન્દ્ર	૭૧ શ્રી ચારૂકીર્તિ	૭૨ શ્રી અભયકીર્તિ
૭૩ શ્રી વસન્તકીર્તિ	૭૪ શ્રી વિશાલકીર્તિ	૭૫ શ્રી શુભકીર્તિ
૭૬ શ્રી ધર્મચન્દ્ર	૭૭ શ્રી રતનચન્દ્ર	૭૮ શ્રી પ્રભાચન્દ્ર
૭૯ શ્રી પદ્મનન્દી	૮૦ શ્રી સકલકીર્તિ	૮૧ શ્રી ભૂવનકીર્તિ
૮૨ શ્રી જ્ઞાનભૂષણ	૮૩ શ્રી વિજયકીર્તિ	૮૪ શ્રી શુભચન્દ્ર
૮૫ શ્રી સુમતિકીર્તિ	૮૬ શ્રી ગુણકીર્તિ	૮૮ શ્રી વાદિભુષણ
૮૯ શ્રી રામકીર્તિ	૯૦ શ્રી પદ્મનન્દી	૯૧ શ્રી દેવેન્દ્રકીર્તિ
૯૨ શ્રી ક્ષેમકીર્તિ	૯૩ શ્રી + + +	૯૪ શ્રી નરેન્દ્રકીર્તિ
૯૫ શ્રી વિજયકીર્તિ	૯૬ શ્રી નેમીચન્દ્ર	૯૭ શ્રી રામકીર્તિ
૯૮ શ્રી જસકીર્તિ	૯૯ શ્રી સુરેન્દ્રકીર્તિ	૧૦૦ શ્રી રામકીર્તિ
૧૦૧ શ્રી કનકકીર્તિ		

નોટ—આ નામાવલી **પં. નંદનલાલજી** દ્વારા એક પ્રાચીન ગ્રંથમાંથી ઇડરથી પ્રાપ્ત થઇ છે જે અત્રે પ્રકટ કરી છે. જો આ પ્રમાણે બીજી સર્વે ગાદીઓના ભટ્ટારકોની નામાવલી શોધન કરીને અમને મોકલવામાં આવશે, તો, તે પણ હવે પછી પ્રકટ કરીશું. ઉપલા નામોમાં જ્યાં જ્યાં ખાલી જગ્યા મુકેલી છે, તેટલા શબ્દો બરાબર ન વંચાવાથી એટલી જગા છોડી દેવી પડી છે. તથા ૮૭મું નામ નથી.

"दिगंबर जैन" पत्रना ग्राहकोने अपायली भेटो.

१ **धर्म परीक्षा** (पवनवेग मनोवेगनी अपूर्व कथा પૃ. ૨૫૦) ૧)
૨ **કળીયુગની કુળદેવી** બોધદાયક રસીલું પુસ્તક પૃ. ૩૨) ૦)૦॥।
૩ **સુદર્શન શેઠ યાને નમોકાર મંત્રનો પ્રભાવ** (પૃ. ૧૦૦) ૦।
૪ **સુકુમાલ ચરિત્ર** (બાળબોધ લીપિ. પૃ. ૧૦૦) ૦।=
૫ **શ્રુતપંચમી મહાત્મ્ય** (શ્રુતપૂજા સહિત પૃ. ૪૮) ૦)=
૬ **શ્રાવક પ્રતિક્રમણ** (અર્થ સાથે) ૦)-॥
૭ **તમાકુનાં દુષ્પરિણામો** (તમાકુના ઉપયોગનું પરિણામ) ૦)-
૮ **કન્યાવિક્રયનો કેર** (મુખ્ય વૃદ્ધોના પાસમાંથી બાળાઓનો બચાવ)
૯ **ધર્મામૃત રસાયન** (જૈન તત્વ પ્રકાશીની સભાની ટ્રેકટ)
૧૦ **श्री मोक्ष मार्ग प्रकाशक** [महान हिंदी ग्रंथ. पृष्ठ ५००] १॥।
૧૧ **જૈન ધર્મની માહિતી** (પૃષ્ઠ ૧૦૦) ૦।
૧૨ **પંચેદ્રીયસંવાદ** (પાંચે ઇંદ્રિયોની અપુર્વ કથા પૃ. ૫૦) ૦)=
૧૩ **શીલસુંદરી રાસ** (શીલ મહાત્મ્ય કવિતા રૂપે પૃ. ૪૦) ૦)=
૧૪ **ઇશ્વરકર્તા ખંડન અને આસ્તિક નાસ્તિક નિર્ણય** (પૃ.૫૦)૦)=
૧૫ **સામાયિક ભાષા પાઠ** (અર્થ સાથે પૃ. ૨૪) ૦)-
૧૬ कलियुगकी कुलदेवी (હિંદી પૃ. ૪૦) મુલ્ય—સદ્વર્તન
૧૭ **ભટ્ટારક મીમાંસા** (પ્રાચીન અર્વાચીન ભટ્ટારકનું સ્વરૂપ પૃ.૫૦)૦)=
૧૮ **પ્રાચીન દિગંબર—અર્વાચીન શ્વેતાંબર** ૦)=
૧૯ **જીનેંદ્ર પંચકલ્યાણક પાઠ** (અર્થ સહિત) ૦)=

નોટ—નં. ૧, ૨, ત્રીજા વર્ષમાં, નં. ૩ થી ૯ ચોથા વર્ષમાં અને નં. ૧૦ થી ૧૯નાં પુસ્તકો પાંચમા વર્ષ (વીર સં. ૨૪૩૮) ના ગ્રાહકોને ભેટ (મફત) અપાયાં છે અને નવીન ગ્રાહકોને સીલકમાં હોય છે, તે અડધી કિંમતે મળે છે. **પ્રકાશક.**

खपाटीआ चकला उपर आवेला धी सुरत जैन प्रिन्टिंग प्रेसमां मठुभाई भाईदासे छाप्यु